**આજનો સુવિચાર**
માફી તો વારંવાર મળી જશે પરંતુ વિશ્વાસ વારંવાર નથી મળતો

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67


Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૬૫ જૂનાગઢ તા.૨૫-૦૬-૨૦૨૪ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 165, Junagadh : Date : 25 Jun, 2024, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay




## આઝાદ ભારતનાં ઈતિહાસમાં પ્રથમવાર સ્પીકરપદ માટે ચૂંટણી થશે : ઓમ બિરલા V/s કે. સુરેશ

નવી દિલ્હી તા. ૨૫

લોકસભાનાં ચૂંટણી પરીણામો બાદ સ્થિતિ લગભગ સ્પષ્ટ થઈ ગઈ હતી કે, આ વખતે વિપક્ષો મજબુત સ્થિતિમાં હોય એનડીએ સરકાર માટે શાસન કરવું અત્યંત કપરા ચઢાણ પુરવાર થશે. તેની સાબીતી આજે મળી ગઈ છે. લોકસભાનાં સ્પીકરપદ માટે શાસક એનડીએ અને વિપક્ષ ઈન્ડીયા ગઠબંધન વચ્ચે સમજૂતી નહી થતાં આખરે સ્પીકર પદ માટે ચૂંટણી થશે અને આવતીકાલે સવારે ૧૧ કલાકે મતદાન થશે. એનડીએ તરફથી ઓમ બિરલા અને ઈન્ડીયા તરફથી કે. સુરેશે સ્પીકરપદ માટે પોતાની ઉમેદવારી નોંધાવી દીધી છે. આંકડાકીય સમીકરણ એનડીએની તરફેણમાં હોવા છતાં ઈન્ડીયા ગઠબંધને કોઈ ચમત્કાર સાથે નવાજુનીનાં થવાની આશા છે. આમ સ્પીકરપદ માટે એનડીએ અને ઈન્ડીયા ગઠબંધન વચ્ચે તલવારો ખેંચાઈ ગઈ છે અને આવતીકાલે મતદાન સાથે તેનો કલાઈમેકસ આવશે તે હવે નિશ્ચિત

## આવતીકાલે સવારે ૧૧.૦૦ કલાકે સ્પીકરપદ માટે મતદાન થશે : વિપક્ષોએ સરકારનું ટેન્શન વધાર્યુ : પ્રથમ દિવસથી જ અગ્ની પરીક્ષા

આવતીકાલે એટલે કે ૨૬ જૂને સવારે ૧૧ વાગ્યે લોકસભા અધ્યક્ષની ચૂંટણી માટે મતદાન થશે. એનડીએએ સતત બીજી વખત ઓમ બિરલાને આગળ કર્યા છે જ્યારે વિપક્ષે વરિષ્ઠ નેતા કે. સુરેશને મેદાનમાં ઉતાર્યા છે. સુરેશ એ જ નેતા છે જેમને વિપક્ષ ડેપ્યુટી સ્પીકર બનાવવાની માંગ કરી રહ્યા હતા.

રાહુલ ગાંધીએ આજે સવારે ૧૧ વાગ્યાની આસપાસ સંસદ સંકુલમાં મીડિયાને જણાવ્યું હતું કે મલ્લિકાર્જુન ખડગેને કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહનો ફોન આવ્યો હતો. રાજનાથ સિંહજીએ તેમની સ્પીકરશિપ માટે ખડગેજી પાસેથી સમર્થન માંગ્યું. વિપક્ષે સ્પષ્ટ કહ્યું છે કે અમે સ્પીકરને સમર્થન આપીશું પરંતુ વિપક્ષને ડેપ્યુટી સ્પીકર મળવો જોઈએ. રાજનાથ સિંહે ગઈકાલે સાંજે કહ્યું હતું કે તેઓ મલલીકાર્જુન ખડગે સાથે વાતચીત કરી હતી પરંતુ હજુ સુધી કોઈ જવાબ મળ્યો નથી. પીએમ મોદી કહી રહ્યા છે કે રચનાત્મક સહયોગ હોવો જોઈએ અને પછી અમારા નેતાનું અપમાન થઈ રહ્યું છે. ઈરાદો સ્પષ્ટ નથી. નરેન્દ્ર મોદી કોઈ રચનાત્મક સહયોગ ઈચ્છતા નથી. પરંપરા એવી છે કે ડેપ્યુટી સ્પીકર વિપક્ષમાંથી હોવો જોઈએ. વિપક્ષે કહ્યું છે કે જો પરંપરા જળવાઈ રહેશે તો સંપૂર્ણ સમર્થન આપીશું. પરંતુ થોડા સમય પછી સમાચાર આવ્યા કે સ્પીકર પદ પર સર્વસંમતિ બની શકી નથી. કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે કહ્યું, 'પહેલા નક્કી કરો કે ડેપ્યુટી સ્પીકર કોણ હશે ? અને પછી સ્પીકર માટે સમર્થન મેળવો, અમે આ પ્રકારની રાજનીતિની નિંદા કરીએ છીએ... સ્પીકર કોઈ શાસક પક્ષ કે વિપક્ષના નથી હોતા, તે સમગ્ર ગૃહના હોય છે. એ જ રીતે, ઉપરાષ્ટ્રપતિ પણ કોઈ પક્ષ અથવા જૂથ સાથે સંબંધિત નથી, તેઓ સમગ્ર ગૃહના છે. લોકસભાની કોઈ પરંપરામાં એવું નથી કે ડેપ્યુટી સ્પીકર ચોક્કસ પક્ષમાંથી જ હોવો જોઈએ.

કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહે કહ્યું, 'મલ્લિકાર્જુન ખડગે વરિષ્ઠ નેતા છે અને હું તેમનું સન્માન કરું છું. ગઈકાલથી મેં તેમની સાથે ત્રણ વખત વાત કરી છે.

કોંગ્રેસના આ પગલાનું કારણ શું છે ? વાસ્તવમાં કોંગ્રેસને લાગે છે કે જો અમે અમારો પોતાનો ઉમેદવાર ઉતારીએ તો એનડીએમાં ભાગલા પડી શકે છે. ટીડીપી જેવા પક્ષો ગેરહાજર રહી શકે છે જો તેઓ સમર્થનમાં ન હોય અથવા તેમનો ઈરાદો સરકાર પર દબાણ લાવવાનો હોય. સરકારની દલીલ એવી હતી કે વિપક્ષે પોતાનો મુદ્દો આગળ ધપાવ્યો છે, હવે સ્પીકરને ચૂંટવા દો અને જ્યારે ડેપ્યુટી સ્પીકર ચૂંટાશે ત્યારે કોંગ્રેસના મંતવ્યો ધ્યાનમાં લેવામાં આવશે, પરંતુ જો તમે આજે જ નિર્ણય લેવા માંગતા હોવ તો સરકાર તેને સ્વીકારશે નહીં. .

એવું લાગે છે કે રાહુલ ગાંધીને ડર હતો કે સરકાર સ્પીકર પદ પર સર્વસંમતિ મેળવી લેશે અને ડેપ્યુટી સ્પીકર પદ પણ નહીં આપે. મતલબ કે વિશ્વાસનો અભાવ છે. બંને બાજુથી. બંને તેમના ગઠબંધનને એક રાખવા માંગે છે. રાજનાથ સિંહે પહેલ કરી હતી પરંતુ નિષ્ફળ ગયા હતા. શાસક પક્ષને એવું લાગી રહ્યું છે કે તેઓ ગમે તે કરે, તેમની પાસે હજુ પણ સંખ્યા છે. બીજી તરફ વિપક્ષો વિચારી રહ્યા છે કે જો અમે સ્પીકરની ચૂંટણી લડીશું તો ચોક્કસપણે સરકારી છાવણીમાં ખળભળાટ મચી જશે. તે ચોક્કસપણે ઓછામાં ઓછા ૨૪ કલાક માટે એનડીએ સરકારનાં વ્યૂહરચનાકારોનું ટેન્શન વધારશે.

## રાજકોટ સજ્જડ બંધ : અગ્નીકાંડને આજે એક મહિનો થયો

### કોંગ્રેસ પ્રેરિત બંધને રાજકોટનાં લગભગ તમામ વેપારી એસો.એ ટેકો જાહેર કર્યો : સમગ્ર શહેર પોલીસ છાવણીમાં ફેરવાયું



રાજકોટ તા.૨૫

રાજકોટમાં આજથી બરાબર એક મહિના પહેલા એટલે કે, તા.૨૫ મે ના રોજ કાલાવડ રોડ નજીક સયાજી હોટલ પાછળ આવેલ ટીઆરપી ગેમઝોનમાં અચાનક આગ ભભુકી ઉઠતા આ અગ્નિકાંડમાં ૨૭ લોકો જીવતા ભુંજાઈ ગયા હતા. બનાવથી ચોતરફ અરેરાટી વ્યાપી ગઈ હતી. મૃતકોને ન્યાય મળે તેવી માંગ સાથે આજે તા.૨૫ જુનના રોજ રાજકોટ બંધનું એલાન છે. જેના પગલે સમગ્ર રાજકોટ પોલીસ છાવણીમાં ફેરવાયું છે.

ગેમઝોન અગ્નિકાંડમાં સરકારી અધિકારીઓની બેદરકારી ખુલી થઈ છે. જેના પગલે રાજકોટ મનપાના ટીપીઓ એમ.ડી.સાગઠીયા, એટીપીઓ ગૌતમ જોષી, મુકેશ મકવાણા, આસી. એન્જી જયદીપ ચૌધરી, વેસ્ટઝોન એટીપીઓ રાજેશ મકવાણા, ચીફ ફાયર ઓફિસર ઈલેશ ખેર, ડેપ્યુટી ફાયર ઓફિસર બી.જે.ઠેબા, કાલાવડ રોડ ફાયર સ્ટેશન ઓફિસર રોહિત વિગોરાની ધરપકડ પોલીસે કરી છે.

આ તરફ રાજકોટ શહેર પોલીસની ખાસ તપાસ ટીમ ગુના અંગે તપાસ કરી રહી છે તો બીજી તરફ રાજય સરકાર દ્વારા આઈપીએસ સુભાષ ત્રિવેદીના વડપણવાળી સીટની રચના કરવામાં આવેલી જેણે ઘટના અંગે સરકારને રિપોર્ટ સોંપ્યો છે. સમગ્ર બનાવ અંગે કોંગ્રેસ અગાઉથી જ સીટ બદલવા માંગ કરી રહી હતી. બનાવ બન્યાની તારીખથી પ્રદેશ કોંગ્રેસના મોટા ગજાના નેતાઓએ રાજકોટમાં ધામા નાખ્યા છે. ધરણા, રેલી, આવેદન, કેન્ડલ માર્ચ વગેરે કાર્યક્રમો થકી મૃતકોને ઝડપી ન્યાય અપાવવાની માંગ કરવામાં આવી રહી છે જેને પગલે આજે અગ્નિકાંડના હતભાગીઓની પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિતે કોંગ્રેસે રાજકોટ બંધનું એલાન આપ્યું છે.

## ભાજપને હવે કોઈ સમર્થન નહી : બીજુ જનતાદળે નિર્ણય જાહેર કર્યો

નવી દિલ્હી,તા.૨૫: ઓડિશામાં લોકસભાની સાથે વિધાનસભાની ચૂંટણી પણ યોજાઈ હતી. જેમાં ભાજપની જીત થઈ છે. ભાજપને બહુમતી સાથે રાજયમાં સરકારની રચના કરી છે. ત્યારે લાંબા સમયથી મુખ્યમંત્રી રહેલા બીજુ જનતા દળ (બીજેડી)ના વડા નવીન પટનાયક સત્તામાંથી બહાર થયા છે. નોંધનીય છે કે, સંસદમાં મોટાભાગના મામલામાં બીજેડી ભાજપની સાથે હતી. જો કે, હવે ચૂંટણી પરિણામો પછી બીજેડીએ હવે સંસદમાં ભાજપની આગેવાની હેઠળની એનડીએ સરકાર સામે વિરોધ કરવાનો નિર્ણય લીધો છે. નવીન પટનાયકે આ અંગે પોતાના રાજયસભાના સાંસદોને સૂચનાઓ આપી દીધી છે.

ઓડિશાના પૂર્વ મુખ્યમંત્રી નવીન પટનાયકે ૯ નવ રાજયસભા સદસ્યો સાથે બેઠક યોજી હતી. તેમણે સાંસદોને ૨૭મી જૂનથી શરૂ થઈ રહેલા રાજયસભાના સત્ર દરમિયાન સક્રિય અને મજબૂત વિપક્ષની ભૂમિકા ભજવવાનો નિર્દેશ આપ્યો છે. તેમણે સાંસદોને સંસદમાં રાજયના હિતોને લગતા મુદ્દાઓને યોગ્ય રીતે ઉઠાવવા કહ્યું છે.

## જો વીઆઈપી માટે રસ્તાનાં દબાણ દુર થાય તો જાહેર જનતા માટે કેમ નહી ? બોમ્બે હાઈકોર્ટ

મુંબઈ તા.૨૫

આપણા દેશમાં લોકશાહી છે પરંતુ જેટલું નેતાનું ધ્યાન સરકારી અધિકારીઓ દ્વારા રાખવામાં આવે છે એટલું પ્રજાનું નથી રાખવામાં આવતું. કોઈ ગામ-શહેરમાં કોઈ નેતા પસાર થવાના હોય તો તે રોડ પરના દબાણો તુરંત હટી જાય છે અને રસ્તા ચોખ્ખા ચણાક થઈ જાય છે. આ મામલે બોમ્બે હાઈકોર્ટે એક કેસમાં બૃહદ મુંબઈ નગર નિગમ (બીએમસી) અને પોલીસને ફટકાર લગાવી છે અને કટાક્ષ કર્યો હતો કે માર્ગો માત્ર વડાપ્રધાન કે અન્ય વીવીઆઈપીની મુલાકાત દરમિયાન જ સાફ કરવામાં આવે છે અને દબાણો દુર કરવામાં આવે છે. બોમ્બે હાઈકોર્ટે ફુટપાથો પર અતિક્રમણ કરનાર ગેરકાયદે ફેરીવાળાઓ સામે કાર્યવાહી કરવામાં નિષ્ફળ રહેવા માટે સોમવારે બૃહદ મુંબઈ નગર નિગમ અને પોલીસને ફટકાર લગાવી હતી તો અદાલતે અતિક્રમણ સામે કાર્યવાહી કરનાર બીએમસી અધિકારીઓ અને ગેરકાયદે ફેરીવાળા સામે ફરિયાદ કરનારા લોકો પર થતા હુમલા પર પણ ચિંતા વ્યક્ત કરી હતી.

## સમાચાર રાઉન્ડ અપ

- તમાકુ અને તેના સંબંધિત પ્રોડકટને કારણે દેશમાં કેન્સરનાં પ્રમાણમાં ભયજનક હદે વધારો : ૨૦૪૦ સુધીમાં કેન્સરનાં નવા ૨૧ લાખ કેસ નોંધાશે.
- ચુડાનો વાસલ ડેમ ઓવરફલો : રાજયનાં ૧૦૨ તાલુકમાં અડધા થી સાડા ચાર ઈંચ વરસાદ : અમદાવાદમા મેઘરાજાની સટાસટી
- નવી દિલ્હીનાં પ્રેમનગર વિસ્તારમાં શોટ સર્કીટનાં કારણે મકાનમાં આગ લાગતા ચારનાં મોત
- નીટ પેપર લીક કૌભાંડમાં ગોધરાનાં ૨૭ વિદ્યાર્થીઓ સાથે રૂા.૧૦-૧૦ લાખનો સોદો થયો હતો.
- કેરળનું નામ બદલીને કેરલમ કરવા વિધાનસભામાં ઠરાવ પસાર
- સુનિતા વિલિયમ્સ અવકાશમાં ફસાયા : માત્ર ૨૭ દિવસનું ઈંધણ બાકી
- ભારતમાં ઓનલાઈન છેતરપીંડીનાં દૈનિક ૮૦૦ બનાવ બને છે

જૂનાગઢમાં
ધંધો શરૂ કરો
માત્ર 7900/- માં
પાર્ટ ટાઈમ/ફુલ ટાઈમ
ટ્રેનીંગ અને સર્પોટ મળશે.
Nidhi Patel - 81560 62256

સી. સી. પડદાવાળા
● ફર્નિચર ● વોલ પેપર ● પડદાનું કાપડ
● ફર્નિચર માલ ● મેટ્રેસ ● ઓફિસ કેર્ટન
● પ્લાયવુડ ● પીલો ● મોડયુલર કિચન
● હેન્ડલ ● પડદા ● સોફા ● સોફા માલ
પડદા, સોફા, ફર્નિચર વ્યાજબી ભાવે કરી આપવામાં આવશે
તળાવ ગેઈટ, રેલ્વે ક્રોસીંગ, ૧લો માળ, સયુબ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧
મો. ૯૯૭૮૬ ૫૪૧૫૫

છેલ્લા દિવસો... છેલ્લી તક...
ખરીદી કરવા જરૂર પધારો નહીંતર અફસોસ....
દરેક સ્કુલ યુનિફોર્મ તેમજ કાપડમાં ૫૦% વળતર મળશે
જેવા કે, કેન્દ્રીય વિદ્યાલય, કિશોર એકેડેમી, કોન્વેન્ટ, કનેરીયા તેમજ બીજી અન્ય સ્કુલોના કપડા
બોમ્બે બજાર
જૂજ માલ જ હોય આ ભાવમાં પછી મળશે નહી
ત્રીજા માળે, જેનીલી શોપીંગ સેન્ટર
મો. ૯૪૨૯૩ ૨૦૮૦૫

તાત્કાલીક માણસો જોઈએ છે
દુબઈ માટે: • ઓફિસ બોય • ઈલેકટ્રીશ્યન • સેલ્સમેન • પ્લમ્બર • કારપેન્ટર • વેલ્ડર
કુવૈત માટે: • ડ્રાઈવર • જે.સી.બી. ઓપરેટર • શોપીંગ મોલ
સાઉદી માટે: • ડ્રાઈવર
શિંગાપુર માટે: • હોટલ • ફેકટરી હેલ્પર
માલ્ટા માટે: • હોટલ
ઈઝરાયલ માટે: • કાર્પેન્ટર, ઈલેક્ટ્રિશ્યન, એલ્યુમિનિયમ સેકશન માટે મેશન
:: ઉંમર :: 19 થી 45 વર્ષ | પાસપોર્ટ અને P.C.C. ધરાવતા વ્યક્તિએ જૂનાગઢ કોન્ટેક કરવો | વિઝા/ટિકિટ આવે પછી પેમેન્ટ
Mo. 93281 72180 / 63549 69729

લોન...લોન... લોન...
લોન માટેનું શ્રેષ્ઠ માધ્યમ એટલે રાધે લોન
(ફોન ઉપર તમામ માહિતી આપવામાં આવશે)
હોમ લોન | મોર્ગેજ લોન | બિઝનેસ લોન | કાર લોન
રાધે લોન
સંપર્ક : ધાર્મિકભાઈ ભટ્ટ મો. ૯૦૩૩૭ ૬૪૫૫૩
૧૪૭, પહેલો માળ, HDFC ઉપર, એપલવુડ સીટી મોલ, મધુરમ, જૂનાગઢ

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું • હળદર • ધાણાજીરૂ • ગરમ મસાલો

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

# અલગ અલગ રાજ્યોના ટ્રાવેલ કંપનીના સંચાલકોએ ગીરની મુલાકાત લીધી





વેરાવળ તા. ૨૫

પ્રવાસન ક્ષેત્રે હરણફાળ ભરી રહેલા ગીરની મુલાકાતે દેશના અલગ અલગ રાજ્યોના ટ્રાવેલ કંપનીના સંચાલકો આવ્યા છે. ૧૫ જૂન પછી પણ ગીર માં પ્રવાસીઓ નો પ્રવાહ યથાવત રહે અને સ્થાનિક રોજગારી જળવાઈ રહે તેવો ઉમદા હેતુ સાથે ગીરથી રૂબરૂ થઈ ટ્રાવેલ કંપની સંચાલકો રોમાંચિત બન્યા હતા.

એશિયાટિક લાયન ના ગઢ એવા સાસણ ગીર માં ડાલામથ્થા સાવજ ને નિહાળવા દેશ વિદેશ થી પ્રવાસીઓનો મોટો પ્રવાહ પ્રતિવર્ષ વધતો જાય છે. અને જેના કારણે સ્થાનિક કક્ષાએ રોજગારી નો પર્યાય પ્રવાસન બની ગયું છે. પ્રવાસન ના વિકાસ ને કારણે ગીર ના સ્થાનિક જીપ્સી ચાલકો, સોવેનિયર શોપ, રેસ્ટોરન્ટ, હોટલ, રિસોર્ટ માં રોજગારી જળવાઈ રહે છે. સાસણગીર નેશનલ પાર્કમાં ૧૫ જૂન થી ૧૪ ઓકટોબર સુધી પ્રવાસીઓ ના પ્રવેશ પર પ્રતિબંધ હોય છે. પરંતુ આ પ્રતિબંધ માત્ર નેશનલ પાર્ક પૂરતો જ હોય છે. આ સમય ગાળા દરમિયાન ગીર માં પ્રવાસીઓનો પ્રવાહ એકાએક ઘટી જાય છે અને જેની વિપરીત અસર સ્થાનિક રોજગારી પર પણ આવે છે. ત્યારે ગીરમાં ૧૫ જૂન પછી પણ પ્રવસીઓ આવતા રહે અને સ્થાનિક રોજગારી પણ જળવાઈ રહે તેવા ઉમદા હેતુ સાથે ગીરના કવીસ રિસોર્ટ દ્વારા દેશના અલગ અલગ રાજ્યો માંથી ટ્રાવેલ કંપનીના સંચાલકો અને એજન્ટોને ગીર માં આમંત્રિત કરાયા હતા.

ગીરને કાયમી ધબકતું રાખવા ના સરાહનીય આયોજન ના પ્રણેતા એવા દીનેશસિંગ શેખાવતે વિગતો આપતા જણાવ્યું હતું કે, દેશભર ટ્રાવેલ કંપની ઓનર્સ ને ગીર ખાતે લાવવા નું એકમાત્ર કારણ એ છે કે મોટા ભાગના પ્રવાસીઓ માં એક માન્યતા છે કે ૧૫ જૂન પછી સાસણ ગીર જંગલ પ્રવાસીઓ માટે બંધ થઈ જાય છે અને પ્રવાસીઓ ૧૫ જૂન પછી ગીર માં આવતા નથી. અને સ્વાભાવિક છે કે પ્રવાસન એ ગીર ના લોકો ની રોજી રોટી માટે નું અભિન્ન અંગ છે ત્યારે પ્રવાસીઓ નો પ્રવાહ અટકી પડતા અહીં ની સ્થાનિક રોજગારી પણ ઠપ્પ થઈ જાય છે. ત્યારે ૧૫ જૂન પછી પણ ગીર માં એશિયાટિક લાયન નિહાળી શકાય છે આટલું જ નહીં ગીર નેધનલ પાર્ક સિવાય અનેક ફરવા લાયક સ્થળો પર વર્ષાઋતુમાં ગીર ના આહલાદક વાતાવરણ નો લુત્ફ ઉઠાવી શકાય છે.

પ્રવાસીઓ ને ૧૫ જૂન પછી પણ ગીર માં આવે તે માટે ટ્રાવેલ કંપની ના ઓનર્સ ને અહીં ગીર લાવવા અને તેઓ જ ગીર થી રૂબરૂ થાય અને પ્રવાસીઓ ને ગીર માં લઈ આવે તે માટે દેશના અલગ અલગ રાજ્યો માંથી ટ્રાવેલ કંપની ના સંચાલકો ને અહીં ગીર માં આમંત્રિત કરાયા હતા જેમાં રાજસ્થાન, મહારાષ્ટ્ર, દિલ્હી સહિત ના રાજ્યો માંથી ૨૦ જેટલા ટ્રાવેલ કંપની ના સંચાલકો ગીર ની મુલાકાતે આવ્યા હતા. જેઓ ગીર ફોરેસ્ટ ના દેવળીયા સફારી પાર્ક કે જ્યાં ૧૫ જૂન પછી પણ એશિયાટિક લાયન, લેપોર્ડ, સહિત ના વન્ય જીવો થી રૂબરૂ થઈ શકાય છે. આ ઉપરાંત વર્ષાઋતુમાં સોળે કળા એ ખીલતા ગીર જંગલ ના આહલાદક અને રમણીય વાતાવરણ માં ગીર જંગલમાં આવેલ કનકાઈ માતાજી ટેમ્પલ, જમજીર ધોધ, સનસેટ પોઈન્ટ, તેમજ ગીર જંગલમાં વસતા આફ્રિકન મૂળ ના સીદી બાદશાહ સમુદાય ના પારંપરિક ધમાલ નૃત્ય નો લ્હાવો લઈ રોમાંચિત બન્યા હતા. ગીર ની સફર પૂર્ણ કરી આવ્યા બાદ તમામ ટ્રાવેલ કંપની સંચાલકો ની ખાસ સમીક્ષા બેઠક યોજાઈ હતી જેમાં કવીસ રિસોર્ટ ના સંચાલક દિનેશસિંગ શેખાવત દ્વારા તમામ ને ગીર ની અનુસંગીક વિગતો થી વાકેફ કર્યા હતા અને ટ્રાવેલ કંપની ના સંચાલકો દ્વારા પણ ગીર મુલાકાત ના અનુભવ એક બીજા સાથે વાગોળ્યા હતા સાથે ગીર માં ૧૫ જૂન પછી પણ વધુ માં વધુ પ્રવાસીઓ ને ગીર ની સફર માટે સમજૂત કરી ગીર માં લાવવા માટે કટિબદ્ધતા રજૂ કરી હતી. જેથી ગીર નું પ્રવાસન અને રોજગારી બને જળવાઈ રહે.

## ગીરસોમનાથ જીલ્લા પોલીસ દ્વારા સોમનાથ મંદીર પાસે યોજેલ મોકડ્રીલ

(પ્રતિનિધી દ્વારા)

સોમનાથ તા.૨૫



પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયા તથા ગીર સોમનાથ જીલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા તરફથી ગીરસોમનાથ જીલ્લામાં આવેલ વાઈટલ ઈન્સ્ટોલેશન ઉપર મોકડ્રીલનું આયોજન કરવા કરેલ સુચના મુજબ ગીરસોમનાથ એસ.ઓ.જી. પીઆઈ જે.એન.ગઢવી તથા પીએસઆઈ વી.કે.ઝાલાના માર્ગદર્શન મુજબ તા.૨૪/૦૬/૨૦૨૪ ના રોજ ગીરસોમનાથ જીલ્લાના સોમનાથ મંદીર પાસે આવેલ સાગર દર્શન વી.આઈ.પી. ગેસ્ટહાઉસ ખાતે મોકડ્રીલનું આયોજન કરવામાં આવેલ, જે મોકડ્રીલ સબબ સાગર દર્શન વી.આઈ.પી. ગેસ્ટહાઉસના પીલોર પાછળ એક બેગમાં રમકડા અને વસ્તુઓ રાખી મોકડ્રીલના ભાગ રૂપે કોઈને ખબર ન પડે તે રીતે રાખી દીધેલ, બાદ એક પબ્લીકના માણસે ગીરસોમનાથ કંટ્રોલ રૂમને સાગર દર્શન વી.આઈ.પી. ગેસ્ટ હાઉસ ખાતે એક શંકાસ્પદ બેગ પડેલનું જણાવતા, ગીરસોમનાથ કંટ્રોલે બી.ડી.ડી.એસ., કયુ.આર.ટી., સોમનાથ મંદીર સુરક્ષા, પ્રભાસ પાટણ પો.સ્ટે. તથા એલ.સી.બી., એસ.ઓ.જી. તથા ના.પો.અધિ.શ્રી વેરાવળ ડીવીઝનનાઓએ જાણ કરતા તમામ પોલીસ સ્ટાફ થોડા સમયમાં વારા-ફરતી બનાવ સ્થળે પહોચી શંકાસ્પદ બેગની તપાસ કરેલ તે દરમ્યાન પ્ર.પાટણ પો.સ્ટે. ડી.સ્ટાફના પો.કોન્સ. કૃષ્ણકુમારસિહ સોલંકીએ શંકાસ્પદ બેગ શોધી તુર્તજ હાજર બી.ડી.ડી.એસ.ને જાણ કરતા બી.ડી.ડી.એસ. દ્વારા શંકાસ્પદ બેગની પોતાની પાસે રહેલ આધુનિક સાધનો તેમજ ડોગ સ્કોડની મદદથી તપાસ કરતા કોઈ સ્ફોટક પદાર્થ મળી આવેલ નહી અને અમોએ રાખેલ બેગ ડીકોઈ કરેલ છે. ત્યારબાદ તમામ હાજર અધિ./કર્મચારીઓને ના.પો.અધિ.શ્રી વેરાવળ તથા સોમનાથ સુરક્ષા દ્વારા સોમનાથ મંદીર સુરક્ષાને લઈ વિશેષ એલર્ટ રહેવા તથા તકેદારી રાખવા ખાસ સુચના અને જરૂરી માર્ગદર્શન આપી આ મોકડ્રીલને સફળ બનાવેલ.

## ખંભાળિયામાં રામધામ સમિતિના હોદેદારોની મુલાકાત: રઘુવંશી જ્ઞાતિનો સહયોગ



(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૫

વાંકાનેર ખાતે સેંકડો એકર જગ્યામાં ભવ્ય એવા "રામધામ"નું નિર્માણ થનાર છે. ત્યારે રામધામ મંદિર સમિતિના હોદ્દેદારો, કાર્યકરોએ ખંભાળિયાના રઘુવંશી જ્ઞાતિજનોની ખાસ મુલાકાત લીધી હતી.

રામધામ સમિતિના વિનુભાઈ કટારીયા, ગીરીશભાઈ કાનાબાર, પ્રવીણભાઈ ખંધોળિયા, નિલેશભાઈ ખખ્ખર, જગદીશભાઈ સેતા, કિશોરભાઈ હીરાની અને અશ્વિનભાઈ કોટકની ટીમએ ખંભાળિયામાં નવી લોહાણા મહાજન વાડી ખાતે રઘુવંશી જ્ઞાતિના હોદ્દેદારો, કાર્યકરો તેમજ ટ્રસ્ટીઓ સાથે ખાસ બેઠક યોજી હતી.

કરોડો રૂપિયાના ખર્ચે હજારો ફૂટ વિશાળ જગ્યામાં મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામના નિર્માણ થનાર મંદિર સંદર્ભે ઉપસ્થિત મહેમાનોએ સવિસ્તૃત માહિતી આપી હતી. મીની અયોધ્યાના મંદિર જેવી ઝાંખી થાય તે માટેના પ્રયાસ તેમજ રઘુવંશી જ્ઞાતિની એકતા અને સંગઠન સહિતના શુભ આશયથી યોજાયેલી આ મિટિંગમાં ખંભાળિયા લોહાણા મહાજનના ટ્રસ્ટી કમલેશભાઈ વિઠલાણી, દિનેશભાઈ દત્તાણી, પ્રતાપભાઈ દત્તાણીના વડપણ હેઠળ જ્ઞાતિના અગ્રણી, કાર્યકરો, હોદ્દેદારો તેમજ વેપારીઓ આ બેઠકમાં જોડાયા હતા.

રામધામને ફક્ત તીર્થ સ્થળ જ નહીં, પરંતુ આ સાથે જ્ઞાતિમાં ઉચ્ચ શિક્ષણ તેમજ ક્લાસ વન ઓફિસરની ડિગ્રી ધરાવતા યુવાનોમાં વધારો થાય તે માટે પણ જરૂરી પગલાં લેવાનું પણ નક્કી કરાયું છે. રામધામના નિર્માણ માટે ખંભાળિયાના તમામ રઘુવંશી જ્ઞાતિજનો દ્વારા તન, મન અને ધનથી સહયોગ આપવામાં આવશે તેવા સુર સાથે આ બેઠકમાં અહીંના જ્ઞાતિજનોના સહયોગથી આગેવાનો દ્વારા મંદિર માટેની જગ્યા સહિતનો સહકાર આપવામાં આવશે એમ પણ જણાવ્યું હતું.

આ બેઠકમાં ઉત્સવ મજીઠીયા, અનિલભાઈ તન્ના, જગુભાઈ રાયચુરા યોગેશભાઈ મોટાણી, સુધીરભાઈ પોપટ, કિશોરભાઈ દત્તાણી, મનુઅદા સોમૈયા, કૌશિક બારાઈ, સહીતના આગેવાનો, યુવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન દિલીપભાઈ વીઠલાણીએ કર્યું હતું.

## યાત્રાધામ દ્વારકામાં આજરોજ કિષ્નલીલા આધારિત "મારો દેવ દ્વારકાવાળો" કાર્યક્રમ યોજાશે

(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૨૫

શ્રી ઝાંઝરી કલ્ચરલ એજ્યુકેશન. એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ.દ્વારકા દ્વારા ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગરના આર્થિક સહયોગથી ભારતીય સાંસ્કૃતિક ધરોહરને ઉજાગર કરતો કાર્યક્રમ "મારો દેવ દ્વારકાવાળો" કિષ્નલીલા કાર્યક્રમનું આયોજન આજે તા. ૨૫/૬/૨૦૨૪ ના મંગળવારના રોજ દ્વારકાના સનસેટ પોઈન્ટ સ્ટેજ ખાતે રાત્રે ૯:૦૦ કલાકે રાખવામાં આવેલ છે. જેમાં મુખ્ય મહેમાન તરીકે દ્વારકાના ધારાસભ્ય પબુભા માણેક,અતિથી વિશેષ તરીકે દ્વારકા પ્રાંત અધિકારી એચ.બી.ભગોરા,દ્વારકાના મામલતદાર અનિરુદ્ધ સિહ ઝાલા તથા દ્વારકા નગરપાલિકા ચીફ ઓફિસર ઉપસ્થિત રહેશે.મુખ્ય કલાકાર હિતેન ઠાકર રહેશે આ કાર્યક્રમનો લાભ લેવા શ્ર્વેત ઠાકર તથા ઝાંઝરી ગૃપ દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવેલ છે.

## ખંભાળિયામાં ટ્રાફિક નિયમન અંગે તંત્ર દ્વારા કડક ઝુંબેશ હાથ ધરાશે

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૫

ખંભાળિયા શહેરનો વ્યાપ અને વિસ્તાર વધતો જતો હોય, અહીંના ટ્રાફિક તેમજ અન્ય કાયદાકીય પ્રશ્નો સંદર્ભે યોજાયેલી પોલીસ સલાહકાર સમિતિની ખાસ મિટિંગમાં જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં વિવિધ એક્શન પ્લાન્ટ ઘડવામાં આવ્યા હતા.

ખંભાળિયામાં જિલ્લા કલેકટર કચેરી ખાતે યોજાઈ ગયેલી પોલીસ સલાહકાર સમિતિની બેઠકમાં જિલ્લા કલેકટર જી.ટી. પંડ્યાની અધ્યક્ષતામાં ડી.વાય.એસ.પી. એમ.એમ. પરમાર સાથે યોજાયેલી આ મીટીંગમાં જિલ્લામાં પોલીસ તંત્ર દ્વારા કરવામાં આવેલી વાહન ઝુંબેશ તેમજ ટ્રાફિક જાગૃતિ સંદર્ભેની સવિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ સાથે જિલ્લા ટ્રાફિક પી.એસ.આઈ. વી.યુ. સોલંકી દ્વારા ખંભાળિયા તેમજ હાઈવે પર આડેધડ કરાતા પાર્કિંગ તેમજ વાહન ચાલકો સામે કરવામાં આવેલી કાર્યવાહી ઉપરાંત એસ.ટી.ની ચાલતી બસમાં રૂબરૂ જઈને ટ્રાફિક જાગૃતિ અંગેની જાણકારી અને પોલીસ પ્રજા વચ્ચેના સમન્વય રૂપ બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટના હકારાત્મક અને પ્રેરણા રૂપ લેવામાં આવેલા પગલા અંગે જાણકારી આપવામાં આવી હતી.

આ બેઠકમાં ઉપસ્થિત પોલીસ સલાહકાર સમિતિના સદસ્ય પત્રકાર કુંજનભાઈ રાડિયા, વિજયભાઈ કટારીયા, કરસનભાઈ રાવલિયા, વિગેરે દ્વારા કરવામાં આવેલા સૂચનોની નોંધ લઈ, આગામી દિવસોમાં શહેરમાં બેફામ બની ગયેલા રેંકડી, પાથરણાવાળાઓ તેમજ વાહન ચાલકો અંગે પોલીસ દ્વારા નગરપાલિકા અને આરટીઓને સાથે રાખીને વાહનો ડીટેઈન કરવા તેમજ કાયદાકીય કડક પગલાં લેવાનું પણ નક્કી કરવામાં આવ્યું છે.

હાલ ચોમાસાની સિઝનમાં દ્વારકાના દરિયા કિનારે સ્નાન કરતા લોકોને સાવચેત કરવા સહિતની બાબતે જિલ્લા કલેકટર જી.ટી. પંડ્યા દ્વારા પોલીસ તંત્રને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.


## જૂનાગઢ જીલ્લામાં ત્રણ અપમૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૨૫

ભવનાથનાં દામોદર કુંડ સામે આવેલ નવી બનાવેલ ટનલ પાસે કોઈ અજાણ્યો પુરૂષ આશરે ૩૦ થી ૩૫ વર્ષનો કોઈપણ બીમારી કે કોઈપણ કારણસર બેભાન હાલતમાં પડેલ હોય જેથી ૧૦૮ એમ્બ્યુલન્સે સ્થળ પર આવી આ પુરૂષને તપાસતાં મૃત્યું પામેલ હોવાનું જણાવ્યું હતું. આ ઉપરાંત વંથલી તાલુકાનાં ઝાપોદડ ગામના કંચનબેન શાંતીભાઈ ડેડાણીયા (ઉ.વ. ૬૨)ને માથુ દુઃખતુ હોય જેનાથી કંટાળી જઈ પોતાની મેળે એસીડ પી જતાં સારવાર દરમ્યાન મૃત્યું પામેલ છે. જયારે માંગરોળ તાલુકાનાં મુકતુપુર ગામનાં નાથાભાઈ ઉર્ફે જુગનું જીવાભાઈ અખીયા (ઉ.વ. ૭૦)ની માનસીક સ્થિતિ બરાબર ન હોય અને શરીરે તજા ગરમીની બીમારી હોય આંખે ઓછુ દેખાતુ હોય જેથી કોઈપણ રીતે અકસ્માતે પડી જતા માથાનાં ભાગે ઈજા થતાં મૃત્યું પામેલ છે.

## શ્રીકષ્ટભંજનદેવ દાદાને ફુલોનો દિવ્ય શણગાર



(પ્રતિનિધી દ્વારા)

સાળંગપુર તા.૨૫

વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી તા. ૨૫-૦૬-૨૦૨૪ને મંગળવારે સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી તથા ૭:૦૦ કલાકે શણગાર આરતી પૂજારી સ્વામી (અથાણાવાળા) દ્વારા કરવામાં આવેલ. દાદાને ગુલાબના ફુલોનો દિવ્ય શણગાર કરવામાં આવ્યો હતો. તેમજ મંદિરની યજ્ઞશાળામાં મારુતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું.

## દ્વારકા ખાતે દિકરીઓના ઉચ્ચ શિક્ષણને પ્રોત્સાહન આપવા સીગ્નેચર કેમ્પેઈન ઝુંબેશ



(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૨૫

ક્રાય - ચાઈલ્ડ રાઈટસ્ એન્ડ યુ તથા ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટ દેવ ભૂમિ દ્વારકા દ્વારા તારીખ ૨૨/૬/૨૪ ના "પૂરી પઢાઈ દેશ કી ભલાઈ કેમ્પઈન દ્વારકા દીકરીઓના ઉચ્ચ માધ્યમિક શિક્ષણ ને પ્રોત્સાહન આપવા તથા દીકરીઓ ના ડ્રોપઆઉટ ની ટકાવારી ઘટાડવા માટે રાષ્ટ્રીય ઝુંબેશ ની શરૂવાત કરવામાં આવી છે. તારીખ ૨૪/૬/૨૦૨૪ ના મામલતદાર, તાલુકા વિકાસ અધિકરી,કેળવણી નિરીક્ષક, શિક્ષણ વિભાગ,બી આર સી, સી આર સી વિભાગ તથા અધિકારીઓ દ્વારા સીગનેચર કેમ્પઈન માં જોડાયા હતા તથા રૂપેણબંદર શાખા આચર્યા , શિક્ષકો ,બાળકો, કિશોરીઓ સાથે સ્વ સહાય જૂથ ના બહેનો સાથે જાગૃતિ અભિયાન કરવામાં આવેલ . સાત અઠવાડિયા સુધી અલગ અલગ સ્તરે, સમુદાય, શિક્ષકો ,કિશોરીઓ, વાલીઓ, શાળાના એસ એમ સી ના સભ્ય, ગ્રામ્ય સ્તરે પંચાયતો અને સરકારી અધિકારીઓ સાથે ઝુંબેશ શરૂ કરવામાં આવી છે .જે ખાસ દીકરીઓના શિક્ષણ પ્રત્યે જન જાગૃતિ વધારવા અને સામાજિક વલણ બદલવા માટે ભારત જાગૃતિ અભિયાન છે .

## કેશોદ : જુના મનદુઃખે ઈનોવાને ધોકા મારી નુકશાન કર્યુ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૨૫

મુળ કેશોદનાં અને હાલ જૂનાગઢનાં ખામધ્રોળ વિસ્તારમાં રહેતા ફીરોજભાઈ આમદભાઈ સીડાએ સદામભાઈ હુસેનભાઈ સીડા, લાલો મહમદભાઈ સીડા (ટીનમસ) સામે કેશોદ પોલીસમાં ફરીયાદ નોંધાવતાં જણાવેલ છે કે આ કામનાં ફરીયાદીએ ૧૬ વર્ષ પહેલા આ કામનાં આરોપી નં. ૧ સદામ સીડાની બહેન સાથે પ્રેમલગ્ન કરેલ હોય જેનું જુનુ મનદુઃખ રાખી આ કામનાં આરોપીઓએ ફરીયાદી પાસે આવી જેમ ફાવે તેમ ભુંડી ગાળો બોલી ફરીયાદીને લાકડાના ધોકા વડે માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી ફોરવ્હીલ ઈનોવા નં. જીજે-૦૩-એચએ ૯૯૦૨ના કાચમાં ધોકા મારી નુકશાની કર્યાની કેશોદ પોલીસમાં ફરીયાદ નોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## કલ્યાણપુરમાં વધુ દોઢ ઈંચ વરસાદ: અન્ય તરફ ઝાપટા

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૫

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં છેલ્લા બે દિવસના મેઘરાજાના મુકામ વચ્ચે ગઈકાલે સૌથી વધુ કલ્યાણપુર તાલુકામાં દોઢ ઈંચ વરસાદ નોંધાયો છે. જ્યારે અન્યત્ર ઝાપટા વરસ્યા હતા.

સૂત્રો દ્વારા જારી કરવામાં આવેલા આંકડા મુજબ ગઈકાલે સોમવારે બપોર સુધીમાં કલ્યાણપુર તાલુકામાં ૪૨ મી.મી. વરસાદ વરસ્યો હતો. ત્યારે ભાણવડમાં ૫ અને ખંભાળિયામાં ૩ મી.મી. વરસાદ નોંધાયો છે.

ગઈકાલે ખંભાળિયા પંથકમાં દિવસ દરમિયાન વરાપ રહ્યો હતો અને સૂર્યનારાયણના દર્શન થતા વાતાવરણ ચોખ્ખું બની રહ્યું હતું. જોકે ગઈકાલે તેમજ આજે પણ બફારા ભર્યા માહોલ સાથે આજે સવારથી વરસાદી વાતાવરણ જોવા મળ્યું હતું. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આજરોજ સવારે ૮ વાગ્યા સુધીમાં ખંભાળિયા તાલુકામાં ૩૩૬ મી.મી., ભાણવડ તાલુકામાં ૧૦૩, કલ્યાણપુર તાલુકામાં ૫૩ અને દ્વારકા તાલુકામાં ૩૯ મી.મી. સાથે મોસમનો કુલ સરેરાશ વરસાદ ૧૭.૨૭ ટકા નોંધાયો છે.

## શૈક્ષણિક પોર્ટલમાં ક્ષતિ સંદર્ભે ખંભાળિયામાં એબીવીપી દ્વારા આવેદન

(પ્રતિનિધી દ્વારા) જામ ખંભાળિયા, તા.૨૫

ખંભાળિયામાં દેવભૂમિ દ્વારકા જિલ્લા અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા ગઈકાલે સોમવારે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા આ વર્ષે યુ.જી. અને પી.જી.ના પ્રવેશ માટે જી.સી.એ.એસ. (GCAS) પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે. આ પોર્ટલમાં અનેક ખામીઓ સામે આવે છે. જેનાથી વિદ્યાર્થીઓને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. જેથી વિદ્યાર્થિઓને થતી આ સમસ્યાઓના સંદર્ભમાં વિદ્યાર્થી સંસ્થા એબીવીપી દ્વારા ખંભાળિયામાં કલેક્ટરના માધ્યમથી શિક્ષણ વિભાગને આવેદનપત્ર પાઠવી, વિવિધ માંગો રજૂ કરી અને પડતર માંગોને નિરાકરણ માટે ૪૮ કલાકનું અલ્ટીમેટમ આપવામાં આવ્યું હતું.

## વિસાવદર તાલુકાના છાલડા ગામના રહેવાસી

# શૈલેષભાઈ રાદડીયા પ્રાકૃતિક ખેતીથી ખેડૂતો માટે બની રહ્યા છે પ્રેરણારૂપ

### શૈલેષભાઈએ પોતાનાં ૨૨ વિઘા ખેતરમાં પ્રાકૃતિક ખેતપધ્ધતિથી મિત્ર કીટક અને ફુગની સહાયથી મિશ્રપાક દ્વારા મેળવ્યુ મબલખ ઉત્પાદન





જૂનાગઢ, તા. ૨૫

પ્રાકૃતિક ખેતી એટલે પ્રકૃતિના મૂળભૂત સિદ્ધાંતો આધારિત દેશી ગાયના છાણ અને ગૌમૂત્ર થકી ઓછા ખર્ચે થતી ખેતી. પરંતુ સાંપ્રત સમયમાં વધુ ખેતઉત્પાદન મેળવવાની ઘેલછામાં રાસાયણીક ખાતર અને જંતુનાશક રાસાયણિક દવાઓનાં વણજોઈતા આડેધડ વપરાશનાં કારણે પ્રકૃતિનું શોષણ એટલા સ્તરે પહોંચ્યું છે કે માનવના અસ્તિત્વ પર જોખમ ઉભુ થયું છે. રાસાયણિક દવા અને ખાતરની માનવજીવન પર કેટલીક વિપરતી અસરો જોવા મળી હોય તેનું જીવંત ઉદાહરણ કેન્સર ના વધતા દર્દીઓ છે.

જમીન, પાણી, હવા, વગેરે દરેક પ્રકારના કુદરતી સર્જનમાં પ્રદુષણ ફેલાયું છે. જમીનનું સ્વાસ્થ્ય એટલું ખરાબ થઈ ગયુ છે કે તેમાં ઉત્પન્ન થતાં વનસ્પતિ અને અનાજ ખૂબ ઝેરી થઈ ગયા છે. તેથી જ હવે રાજ્ય સરકાર પ્રાકૃતિક ખેતી તરફ તમામ ખેડૂતોને દોરી રહી છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવ વ્રતજીની પ્રેરણાથી ખેડૂતોને જાગૃત કરવામાં આવી રહ્યા છે. ધરતીમાતાને બચાવી શકાય અને ગાય આધારીત ખેત પધ્ધતિ ગાયનાં પાલન પોષણથી આહારમાં ગાયનાં દુધનો ઉપયોગ થવાથી તંદુરસ્ત સમાજનું નિર્માણ થશે.

પ્રાકૃતિક ખેતીના આ સામૂહિક પ્રયાસમાં જૂનાગઢ જિલ્લાના ખેડૂતો પણ જોડાયા છે. જેમા વિસાવદર તાલુકાના નાનકડા છાલડા ગામનાં રહેવાસી ખેડૂત શૈલેષભાઈ રવજીભાઈ રાદડીયા પાસે ૨૨ વીઘા જમીન છે, અને તેઓ છેલ્લા ૧૦ વર્ષથી વધારે સુભાષ પાલેકર પદ્ધતિ આધારિત પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. શૈલેષભાઈએ ૨૨ વીઘામાં ઋતુ અનુસાર વાવેતર કરતા રહે છે. ચોમાસામાં મુખ્યપાક મગફળી હોય કે કપાસનું વાવેતર કરે પણ મુખ્ય પાકની સાથે મિશ્રપાકનુ પણ વાવેતર કરે છે. જેમા તેઓ જણાવે છે કે આ મિશ્રપાક મિત્રપાક તરીકે પણ કાર્ય કરે છે. જેમા હળદર, મરચી, ધાણા અને જૂદા-જૂદા શાકભાજી વગેરે રોકડીયા પાક બજારની જરૂરત સંતોષે અને પોતાની આવકમાં વૃધ્ધિ કરે તે રીતે વાવેતર કરે છે. ઉપરાંત ખેતરને ફરતે શૈલેષભાઈ સુર્યમુખીનાં છોડનું ચાર હારમાં વાવેતર કરે છે. કેસર આંબાનાં છોડની સાપેક્ષમાં પપૈયાનાં ફળાવ છોડ અને મસાલા શાકભાજીનાં વેલા આધારીત મિત્ર પાકોનું વાવેતર આવકમાં વૃધ્ધી કરે છે સાથે નિંદામણને નિવારી મુખ્યપાકને સારી જમીન પુરી પાડવા મદદરૂપ બને છે અને મિત્ર કીટકો અને કૃષિમાટે ઉપયોગી ફુગને સંવર્ધન કરે છે. સુભાષ પાલેકર ખેતી અપનાવવાની વાત કરતા શૈલેષભાઈ જણાવે છે કે, હું પહેલા રાસાયણીક ખેતી કરતો હતો જેમાં શરૂઆતના દિવસોમાં ઉત્પાદન મળતુ હતું પણ દિવસે દિવસે મારી જમીન કાર્બન સ્તર ઘટતો જવાથી બગડતી જતી હતી અને ઉત્પાદનમાં પણ ઘટાડો થતો ગયો. ત્યારબાદ હું પાલેકરજી પ્રેરીત પ્રાકૃતિક ખેતી માટે તાલીમમાં જોડાયો હતો. તેમાં મને આત્મા કૃષિ તાલીમ કેન્દ્રનો સાથ મળ્યો જેમાં મને ખુબ જ સારી માહિતી મળી હતી. જેના થકી ઉત્પાદન વધારી શકાય અને ખેતી ખર્ચ ઘટાડી શકાય. જીવામૃત વગેરે કઈ રીતે બનાવવું અને તેનાથી શું-શું ફાયદા થાય છે તેના વિશે મેં માહિતી મેળવી, આત્મા પ્રોજેક્ટ તરફથી સાત દિવસની તાલીમ શાળાનું આયોજન કરેલ હતું જેમાં મેં ભાગ લીધો હતો. મારી સાથે ગામ દીઠ અનેક ખેડૂતો આ તાલીમમાં જોડાયા હતા. તાલીમમાં જીવામૃત કઈ રીતે બનાવવું વગેરેનું પ્રેક્ટીકલ જ્ઞાન પણ આપવામાં આવ્યું હતુ. આ રીતે હું ગાય આધારિત ખેતી શીખ્યો અને મારા ખેતરમાં હું આ જ ખેતી કરુ છુ. આ ખેતીથી મને અનેક ફાયદા પણ થયા છે. મારી જમીન હવે તો સોના જેવી શુધ્ધ, ફળદ્રુપતાની દ્રષ્ટિએ મૂલ્યવાન બની છે. જમીનનો કાર્બન સ્તર સુધર્યો છે. મારું ખેત ઉત્પાદન વધ્યું છે તો સાથે સાથે ખેતી ખર્ચ પણ ઘટાડો થયો છે. ઉપરાંત જીવામૃતનો ઉપયોગ કરવાથી રોગ જીવાતનું નિયંત્રણ પણ હું કરી શકુ છુ.પ્રાકૃતિક ખેતી એ એક સામૂહિક પ્રયાસ છે. જેના થકી જમીનના આરોગ્ય પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવી રહ્યું છે. કારણ કે છોડ તો આપ મેળે જ સ્વસ્થ થઈ જાય છે. રાજ્યમાં રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના સીધા માર્ગદર્શન હેઠળ પ્રાકૃતિક કૃષિની મુહિમ ચલાવવામાં આવી રહી છે. જેને હવે ધીરે ધીરે તમામ ખેડૂતો અપનાવતા થઈ રહ્યા છે. જેનો મને આનંદ છે.

શૈલેષભાઈને પ્રાકૃતિક ખેત પધ્ધતિ અને રાસાયણિક ખેતીનાં તુલનાત્મક અનુભવો વર્ણવતા જણાવે છે કે રાસાયણિક ખેતી શરૂઆતનાં તબક્કે સુલભ લાગે પણ લાંબાગાળે ખેત જમીનને અને તેનાથી ઉત્પાદિત ખેત જણસનાં ઉપભોક્તા માટે ખુબ ખતરનાક હોય છે.મેં જ્યારે મારા ગામમાં પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી ત્યારે ગ્રામજનો તો એવુ કહેતા કે હવે શૈલેષ જમીન વેચશે. ગામમાં મારા પ્રાકૃતિક કાર્યને પાગલપન કહેવાતુ આજે જ્યારે હું મારા ખેતરમાં છેલ્લા આઠ વર્ષથી એકધારું ધાણાનું પણ અમુક ભાગમાં વાવેતર કરી સારૂ વળતર મેળવુ છું અને તે પણ ખાતર કે દવાનાં ઉપયોગ વગર તેથી અનેક ખેડુતો આ કાર્યની પ્રશંસા કરવા લાગ્યા છે. અને પ્રાકૃતિક ખેતીને સ્વીકારતા થયા છે. મારા મતે પ્રાકૃતિક ખેતી એટલે કુદરતની જૈવીક સાયકલને અનુસરી કરવાનું થતુ કાર્ય. સારૂ જીવવા અને રાષ્ટ્રબાંધવોનાં અન્નદાતા હોવાનાં નાતે સૌનાં સારા આરોગ્યની ખેવના કરવા આપણે પ્રાકૃતિક ખેત પધ્ધતિને અનુસરી અપનાવીએ.પ્રાકૃતિક ખેતીને સમજીએ. ખેતીમાં મિત્ર કીટકો અને મિત્ર ફુગને ઓળખીએ તેમનું સંવર્ધન કરી પાકને સારો બનાવી વધુ ઉત્પાદન મેળવીએ તેવી અપીલ કરી છે.

**આલેખન- ચિરાગ પટેલ, માહિતી બ્યુરો જૂનાગઢ**

# આગામી તા. ૨૬,૨૭,૨૮ જુન ત્રિ-દિવસીય કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-૨૦૨૪ની થશે ઉજવણી

### મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં વર્ચ્યુલ મિટીંગમાં અન્ય જીલ્લાઓની સાથે જૂનાગઢ જીલ્લાના અધિકારીઓ જોડાયા






જૂનાગઢ, તા.૨૫

આગામી તા. ૨૬,૨૭,૨૮ જુનના ત્રિ દિવસીય શાળા પ્રવેશોત્સવની ઉજવણીને અનુલક્ષી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે મળેલી મીટીંગ અંતર્ગત અન્ય જિલ્લાઓની જેમ જૂનાગઢ જિલ્લાના અધિકારીઓ વર્ચુઅલી જોડાયા હતા. જૂનાગઢ જિલ્લા કલેકટક કચેરી ખાતે વર્ચ્યુલ મિટીંગનું આયોજન કરાયું હતું.તમામ અધિકારીઓને શાળા પ્રવેશોત્સવ માર્ગદર્શન આપ્યું હતું. તેમજ વધારેમાં વધારે બાળકો-વાલીઓ જોડાય તેવોઅનુરોધ કર્યો હતો. તેમજ તમામ અધિકારીઓ તેમજ શિક્ષકોની મહેમતને કારણે બાળકોનો ડ્રોપ આઉટ રેશીયો ઘટ્યો છે, અને ભાર વિનાનાં ભણતરને કારણે બાળકો શિક્ષણ પ્રત્યે વધારે જાગૃત થયા છે તેમ જણાવ્યું હતું. આ મીટીંગ બાદ જૂનાગઢ જિલ્લામાં શાળા પ્રવેશોની સફળતાપૂર્વક ઉજવણી થાય અને એક પણ બાળક જે પ્રવેશપાત્ર હોય તે પ્રવેશથી વંચિત ન રહી જાય અને સો ટકા નામાંકન થાય તે માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જૂનાગઢ જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાએ શાળા પ્રવોશોત્સવ સંલગ્ન અધિકારીઓને શાળાની સાફ-સફાઈ, પીવાના પાણીની વ્યવસ્થા, પ્રવેશ પાત્ર બાળકોની યાદી તૈયાર કરવી, વૃક્ષા રોપણ કાર્યક્રમ તેમજ વાલીઓના ફિડબેક લેવા અંગે અવગત કર્યા હતાં. જૂનાગઢ જિલ્લા પંચાયત પ્રમુખ હરેશભાઈ ઠુંમર દ્વારા શાળાના શિક્ષકો અને વાલીઓ વચ્ચે સેતુ બંધાય તેમજ શિક્ષરો દ્વારા વિદ્યાર્થીઓનો પ્રોગ્રેસ રિપોર્ટ વાલીઓને નિયમીત રીતે મોકલવા અને શિક્ષણની સાથે સાથે સ્વાસ્થ્ય સબંધીત પણ જાણકારી રાખે તેમ જણાવવામાં આવ્યુ હતું. ઉલ્લેખનીય છે કે જૂનાગઢ જિલ્લા કલેક્ટર અનિલકુમાર રાણાવસિયા, અધિક નિવાસી કલેક્ટર એન.એફ.ચૌધરી, પોલીસ અધિક્ષક હર્ષદ મહેતા, જિલ્લા વિકાસ અધિકારી નિતીન સાંગવાન, જૂનાગઢ જિલ્લા પંચાયત પ્રમુખ હરેશભાઈ ઠુંમર, મ્યું. કમિશ્નર ઓમ પ્રકાશ સહિતની અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.


## સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા


# મહિલા ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા માટે મહિલા રોકડ પુરસ્કાર આપવામાં આવશે

જૂનાગઢ, તા. ૨૫

સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા મહિલા ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા માટે મહિલા રોકડ પુરસ્કાર આપવામાં આવે છે. ચાલુ વર્ષે મહિલા રોકડ પુરસ્કાર માટે વિવિધ રમતોની રાજ્યકક્ષાની શાળાકીય સ્પર્ધાઓ અં-૧૪, અં-૧૭, અં-૧૯ માં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરેલ હોઈ તથા એસ.જી.એફ.આઈ. દ્વારા આયોજિત રાષ્ટ્રકક્ષાની શાળાકીય સ્પર્ધામાં એસ.જી.એ. દ્વારા રાજ્યોનું પ્રતિનિધિત્વ કરેલ હોઈ તેવી સિદ્ધિ માટે અરજી કરવાની રહેશે. અરજી આપવા માટે જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી, સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ, ગાંધીગ્રામ, જૂનાગઢ ખાતેથી મહિલા રોકડ પુરસ્કાર માટેનું અરજી ફોર્મ મેળવી તા.૧૫ જુલાઈ સુધીમાં આપવાનું રહેશે. તેમ જિલ્લા રમત વિકાસ અધિકારી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્રની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે. વધુ માહિતી માટે જિલ્લા રતમ વિકાસ અધિકારીની કચેરી નં ૭૮૫૯૯ ૪૬૯૮૪ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

# શ્રી જગન્નાથજી રથયાત્રા સમિતિ દ્વારા સાંસદ રાજેશ ચુડાસમાનું સન્માન કરાયું





જૂનાગઢ, તા.૨૫

સાંસદ રાજેશભાઈ ચુડાસમા જૂનાગઢની લોકસભા બેઠક ઉપર સતત ત્રીજી વાર ભારે બહુમતીથી ચુંટાતા તેઓના સન્માન અર્થે ધી જૂનાગઢ કોમ.કો.ઓપ.બેન્કના બોર્ડ ઓફ ડિરેક્ટર તેમજ કર્મચારીગણ તેમજ જૂનાગઢની સેવાભાવી સંસ્થા શ્રી સત્યમ સેવા યુવક મંડળની રાહબરી નીચે જૂનાગઢની ૧૦૧ સેવાભાવી સંસ્થાઓ અને મંડળો દ્વારા રાજેશ ચુડાસમાનો સન્માન એક ભવ્ય કાર્યક્રમ તા.૨૨/૬/૨૦૨૪ ને શનિવારે પ્રેસિડેન્ટ હોટેલ ખાતે યોજાયેલ હતો. આ પ્રસંગે શ્રી જગન્નાથજી રથયાત્રા મહોત્સવ સમિતિના ઉપપ્રમુખ બિપિન ભટ્ટી, મંત્રી મનસુખભાઈ વાજા, ખજાનચી વિરેન શાહ, રાજેન્દ્ર ચુડાસમા તેમજ સભ્ય નિર્મળભાઈ પરમાર અને પ્રતિનિધિ વિજય ચુડાસમા સહીતનાએ શાલ તેમજ ખેશ પહેરાવી સન્માન કરવામાં આવેલ હતું.

# હરિયાણાના ગવર્નર બડારૂ દત્તાત્રેય પરિવારે દ્વારકાધીશને શીશ ઝુકાવ્યું




(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૨૫

હરિયાણાના રાજયપાલ બડારૂ દત્તાત્રેય સહપરિવાર યાત્રાધામ દ્વારકામાં પધાર્યા હતા. તેઓએ સૌપ્રથમ દ્વારકાધીશ જગતમંદિરમાં કાળિયા ઠાકોરના દર્શન કરી શ્રીજીની પાદુકા પૂજન કરી ઠાકોરજીને શીશ ઝુકાવી આશીર્વાદ મેળવ્યા હતા. વારાદાર પુજારી દ્વારા તેઓને દ્વારકાધીશનું ઉપરણુ ઓઢાડી શ્રીજીના આશીર્વાદ પાઠવ્યા હતા. જગતમંદિર તથા તેમની સાથે મંદિર દેવસ્થાન સમિતિના વહીવટીદાર તથા પ્રાંત અધિકારી ભગોરા રહ્યા હતા જેમણે દત્તાત્રેયજીનું દ્વારકાધીશની છબીથી અભિવાદન કર્યું હતું.

# દ્વારકાના શ્રી સૂર્યમુખી હનુમાનજી મંદિરે ભવ્ય પુષ્પ શૃંગાર દર્શન યોજાયા



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૨૫

દ્વારકાના દ્વારકાધીશ જગત મંદિરે હાલ વૈશાખ સુદ ત્રીજથી અષાઢ સુદ બીજ સુધી સતત બે માસ દરમ્યાન શ્રીજીના પુષ્પ શણગાર કરવામાં આવતા હોય સાથે દ્વારકાના અનેક નાના-મોટા મંદિરોએ વર્ષ દરમ્યાન એક વખત પુષ્પ શૃંગાર દર્શનનું આયોજન થતું હોય ત્યારે દ્વારકાના ભદ્રકાલી મંદિર પાસે બિરાજતા પૌરાણિક શ્રી સૂર્યમુખી હનુમાનજી મંદિરે ગત શનિવારે ભવ્ય પુષ્પ શૃંગાર દર્શનનું આયોજન શ્રી સૂર્યમુખી હનુમાનજી પરિવાર દ્વારા કરવામાં આવ્યું જેનો અનેક ભક્તોએ દર્શનનો લાભ પ્રાપ્ત કર્યો. બે માસ દરમ્યાન ચાલતા આ પુષ્પ શણગારમાં દ્વારકાના શ્રી ગુગ્ગુળી બ્રાહ્મણ પરિવારના સભ્યો દ્વારા ટગર,ચમેલી, જૂહી, બદામના પર્ણ વગેરેનો ઉપયોગ કરી હસ્તકલા દ્વારા સુંદર એવા વાઘા તૈયાર કરવામાં આવે છે. આ વાઘાના શણગાર દ્વારા દેવ દેવી પ્રતિમાઓનું સ્વરૂપ અલૌકિક અને સુંદર લાગે છે. શ્રી સૂર્યમુખી હનુમાનજી પરિવારના યુવાનો દ્વારા છેલ્લા લગભગ ૨૫ વર્ષથી ભવ્ય પુષ્પ શૃંગાર દર્શનનું આયોજન કરવામાં આવે છે. અગાઉ આ આયોજન સ્વ.રાજુભાઈ ગોરધનભાઈ ઠાકર તેમજ સ્વ. રશ્મિકાંત લાલજીભાઈ વાયડા દ્વારા કરવામાં આવતું હતું. અત્રે એ ઉલ્લેખનીય છે કે સતત ૨ માસ દરમ્યાન ગરમીની મૌસમ હોવાને કારણે દેવ દેવી પ્રતિમાઓને ગરમીથી રક્ષણ કરવા માટે પણ આ પ્રકારના આયોજનો થતા હોય છે.

# દ્વારકા લોહાણા મહાજન ટ્રસ્ટ દ્વારા રઘુવંશી વિદ્યાર્થીઓને નોટબુક વિતરણ કરાયું



(પ્રતિનિધિ દ્વારા) દ્વારકા, તા.૨૫

યાત્રાધામ દ્વારકામાં લોહાણા મહાજન ટ્રસ્ટ દ્વારા લોહાણા મહાજન વાડી ખાતે રઘુવંશી વિદ્યાર્થીઓને નોટબુક વિતરણ કરવામાં આવ્યું હતું. આ તકે રઘુવંશી સમાજના અગ્રણીઓ તેમજ મહિલા મંડળના બહેનો, પત્રકાર મિત્રો તથા વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ફાટસર પ્રાથમિક શાળાનું ગૌરવ



(નિરવ ગઢીયા દ્વારા) ઉના, તા.૨૫

તાજેતર માં લેવાયેલ **NMMS** પરીક્ષામાં ફાટસર પ્રાથમિક શાળામાં ધોરણ -૮માં અભ્યાસ કરતા ૨૦ બાળકોએ પરીક્ષા આપેલ. તમામ બાળકો પાસ થયેલ છે જેમાં પોકીયાં મહેક કિશોરભાઈએ ૧૨૮ માર્કસ મેળવી રાજ્યમાં મેરીટમાં સ્થાન મેળવેલ છે. દર વર્ષે ૧૨૦૦૦ રૂપિયા શિષ્યવૃત્તિ આ વિદ્યાર્થીને સરકાર તરફથી મળશે. શાળા પરિવાર તેમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

# ગીરગઢડાના બોડીદર ગામે વાડી વિસ્તારના રસ્તાની પાસે પરવાનગી વગર ગટર કરી દેતા મામલતદારને લેખીત ફરીયાદ કરાઈ



(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૨૫

ગીરગઢડા તાલુકાના બોડિદર ગામે વાડી વિસ્તારમાં ખેડૂતોને આવવા જવા માટેના રસ્તાની પાસે જેસીબીથી ગટર ખોદ કામ કરી દેતા રસ્તો સાંકડો થયો છે જેથી આ રસ્તા ઉપરથી પસાર થતા ખેડૂતોના વાહનોને ચોમાસામાં વાહન પલ્ટી મારી જવાની ભીતિ સેવાય રહી છે. વાડી માલિકે કોઈ પણ જાતની પરવાનગી વગર રોડની એકદમ બાજુમાં આ ગટર ખોદી કાઢી છે. આ રોડ ઉપરથી વાડી વિસ્તારમાં રહેતા બાળકોને લઈને સ્કૂલ વાહન પણ પસાર થાય છે. જેથી ચોમાસા દરમ્યાન આ ગટરમાં કોઈ વાહન પલ્ટી મારી શકે તો જવાબદાર કોણ ? જેથી આ બાબતને લઈને આ વિસ્તારના ખેડૂતોએ આ અંગે ગીરગઢડા મામલતદારને લેખિત ફરિયાદ કરી છે કે આ ગટરને માટી પૂરીને રસ્તો જેવી સ્થિતિમાં હતો તેવો કરવામાં આવે અને જેસિબીથી ગટર કરનાર ખેડૂત ઉપર કાયદેસર પગલા લેવામાં આવે તેવી ગીરગઢડા મામલતદાર અને ગીરગઢડા પોલીસ સ્ટેશન આ બન્નેને લેખિત ફરિયાદ કરવામાં આવી હતી હવે જોવાનું એ રહ્યું તંત્ર આમા ક્યારે શું કાર્યવાહી કરે છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

### મોહન ભાગવતની વાતો દરેક પક્ષ માટે વિચારણીય

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક મોહન ભાગવતે દેશના રાજકીય માહોલ પર જે પ્રવચન આપ્યું, તે દરેક વ્યક્તિ, જે લોકતંત્ર પ્રત્યે સચેત છે અને ઈચ્છે છે કે આપણા દેશમાં લોકતંત્રનાં મૂળિયાં મજબૂત થાય, તે તેમની વાત સાથે સહમત થશે. આ ચૂંટણીમાં વાસ્તવમાં એવી ચીજો થઈ છે, જે બેહદ ચિંતાજનક છે. પ્રચાર દરમ્યાન જૂઠ્ઠાણાને આગળ કરીને સત્ય રૂપે રજૂ કરવાની કોશિશ થઈ. દાખલા તરીકે રાહુલ ગાંધી પોતાની તમામ સભાઓમાં બંધારણની નકલ દેખાડીને કહેતા હતા કે બંધારણ ખતરામાં છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, જે બહુ અનુભવી નેતા છે, તેઓ પણ કહી રહ્યા હતા કે જો નરેન્દ્ર મોદી જીતી ગયા, જો ભાજપ જીતી ગઈ, જો એનડીએ સત્તામાં આવી ગઈ, તો ન બંધારણ બચશે કે ના લોકતંત્ર. એ પણ કહેવાઈ રહ્યું હતું કે મોદીની જીત થયા બાદ આ ભારતની આખરી ચૂંટણી હશે. જો દુનિયામાં ભારતની સૌથી મોટી મૂડી હોય તો તે આપણું બંધારણ અને લોકતંત્ર જ છે. તેના વિશે લોકોના મનમાં ગંભીર શંકા પેદા કરીને શો સંદેશ આપવાની કોશિશ કરવામાં આવી હતી, તેની પાછળ દાનત શી હતી, આ કેટલાક મોટા સવાલ છે. એ સ્પષ્ટ છે કે નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત બે વાતો હાંસલ કરી રહ્યું છે - રાજકીય સ્થિરતા અને આર્થિક ઉન્નતિ. તો શું લોકતંત્ર અને બંધારણ પર ખતરા આધારિત પ્રચાર અભિયાન આ ઉપલબ્ધિઓને બાધિત કરવાની કોશિશ ન માનવી જોઈએ? એ પણ જોવામાં આવ્યું છેકે વિપક્ષના પ્રચારને દેશ-વિદેશમાં બેઠેલા લોકો યુટ્યૂબ સહિત અન્ય સોશ્યલ મીડિયા મંચો પરથી મીઠું-મરચું ભભરાવી આગળ વધારી રહ્યા હતા.

માની શકાય કે મોહન ભાગવતની એક સંકેત આવી પ્રવૃત્તિઓ તરફ છે. બીજી તરફ લોકસભા ચૂંટણી દરમ્યાન સત્તારૂઢ પક્ષ તરફથી પ્રતિક્રિયામાં જે વાતો કહેવામાં આવી, એવી વાતો કહેવાથી દૂર રહેવું જોઈતું હતું. આ પણ સંઘ પ્રમુખના સંદેશમાં જ વણાયેલું છે. એક પ્રબુદ્ઘ વ્યક્તિ અને સ્ટેટ્સમેનના નાતે ભાગવતજીએ જે કંઈ કહ્યું છે, આશા રાખીએ કે એના પર રાજકીય પક્ષોના નેતાઓ વિચાર કરશે તથા સમાજ પણ યોગ્ય ધ્યાન આપશે. સંઘ પ્રમુખની વાતોમાં રાજકારણના ઘટતા સ્તરને લઈને ચિંતા પણ સમાયેલી છે. અત્યાર સુધીની ચૂંટણીઓમાં આ પહેલી ચૂંટણી છે જેમાં વિમર્શનું સ્તર બહુ નીચે ચાલ્યું ગયું હતું. એવું થવાનું કારણ એ છેકે વિપક્ષ આ ચૂંટણીને હાઈજેક કરવા માગતો હતો. એ પણ એક કારણ રહ્યું કે કોંગ્રેસનું નેતૃત્વ ડાબેરીઓ, અથવા કહો કે અર્બન નક્સલોના પૂરા પ્રભાવમાં છે. કોંગ્રેસના નેતૃત્વની કમાન રાહુલ ગાંધીના હાથમાં છે અને ખડગે ચહેરો છે. મુદ્દો અને એજન્ડા રાહુલ ગાંધી નક્કી કરે છે, જે તેમની આસપાસના લોકો નિર્દેશિત કરે છે.

ભારતમાં લોકતંત્રનો વિકાસ થવો જોઈએ. સંસદીય લોકતંત્રનો આપણો અનુભવ સારો રહ્યો છે. તેથી સંસદીય રાજનીતિ જેટલી સ્વચ્છ રહે, ચૂંટણી જેટલી પારદર્શી રહે એટલી કોશિશ કરવી જોઈએ. આ સંદર્ભે પહેલાંની કેટલીક ઘટનાઓની નોંધ લેવી જરૂરી છે, જેનાથી એ સમજવામાં મદદ મળશે કે આજે એવો નકારાત્મક માહોલ કેવી રીતે પેદા થઈ ગયો છે. ૧૯૭૧માં ઈન્દિરા ગાંધીએ લોકસભાની મધ્યાવધિ ચૂંટણી કરાવી હતી. એના પહેલાં સામાન્ય રીતે લોકસભા અને વિધાનસભા ચૂંટણીઓ એક સાથે થતી હતી. એ ચૂંટણી બાદ સ્થિતિ બદલાઈ ગઈ અને મોટાભાગની વિધાનસભા ચૂંટણીઓ અને લોકસભા માટે મતદાન અલગ-અલગ થવા લાગ્યું. આ કારણે ચૂંટણીનો ખર્ચ બેહિસાબ વધી ગયો. તેના માટે સત્તા પક્ષ અને વિપક્ષ બંને દોષી છે. જ્યારે વડાપ્રધાન મોદી ‘એક દેશ, એક ચૂંટણી’ની વાત કરે છે, તો તેઓ એક રીતે જયપ્રકાશ નારાયણની ઈચ્છાને જ આગળ વધારે છે, જેઓ ઈચ્છતા હતા કે ચૂંટણી ખર્ચમાં ઘટાડો થાય.

૧૯૭૧ પહેલાંની ચૂંટણીને જોવામાં આવે તો ખબર પડે કે લોકસભા ચૂંટણીના ઉમેદવારોનો ખર્ચ અપેક્ષાકૃત ઓછો થતો હતો, કારણ કેતેઓ પોતાની પાર્ટીના વિધાનસભા ઉમેદવારોના ખભે ચૂંટણી લડતા હતા. હવે તેમણે સ્વતંત્ર રીતે ચૂંટણી લડવી પડી રહી છે, તો ખર્ચો કરોડોમાં થાય છે. એક લેખકે તેમના પુસ્તક માટે ૨૦ લોકો સાથે વાતચીત કરી હતી, જે ૧૯૫૧ અને ૧૯૫૭ની ચૂંટણીમાં ઉમેદવાર હતા. એ લોકો કોંગ્રેસ સાથે જોડાયેલા હતા. તેમણે કહ્યું હતં કે પાર્ટી તરફથી તેમને ૧૦ હજાર રૂપિયા મળ્યા હતા. તેમનો ખર્ચ ત્રણથી સાત હજાર રૂપિયા હતો અને બાકી તેમણે પાર્ટીને પાછો આપી દીધો હતો. પહેલી ચૂંટણીમાં ભારત સરકારને કુલ ૧૦ કરોડ રૂપિયા ખર્ચ થયા હતા, જ્યારે ૨૦૧૯માં ચૂંટણી પંચે ૫૦ હજાર કરોડ રૂપિયા ખર્ચ કરવા પડ્યા હતા. આ વખતનો ખર્ચ એનાથી પણ વધુ હશે.

વિમર્શનું સ્તર ઘટવા અને ખર્ચમાં ભારે વધારાથી એ ચિંતા થવી સ્વાભાવિક છે કે જેવું આદર્શ લોકતંત્ર હોવું જોઈએ એ કસોટી પર આપણું લોકતંત્ર ખરું નથી ઉતરતું. તેમાં વ્યાપક સુધારની જરૂરિયાત છે અને એ દિશામાં મોહન ભાગવતનાં સૂચનો બહુ મહત્ત્વનું સાબિત થઈ શકે છે. તેમણે યોગ્ય જ કહ્યું કે સાચા સેવકે અહંકારી ન હોવું જોઈએ અને હવે નિવેદનબાજીથી ઉપર ઊઠીને રાષ્ટ્રની સમસ્યાઓ પર ધ્યાન આપવું જોઈએ. મણિપુર જેવ હિંસાની ઘટનાઓ પર રોક લગાવવાના પ્રયાસ થવા જોઈએ. તેમની જે સલાહ છે, તે સરકાર માટે પણ વિચારણીય છે અને વિપક્ષ માટે પણ. તમામ રાજકીય પક્ષો અને તેમના ચૂંટાયેલા પ્રતિનિધિ લોકસેવક જ હોય છે અને બધાની ચિંતાના કેન્દ્રમાં રાષ્ટ્રનું ઉત્થાન હોવું જોઈએ. તેમની સલાહ સમાજ માટે પણ છે અને એ તમામ વર્ગો માટે પણ, જેઓ રાજનીતિથી સંબંધિત છે તથા જનમત બનાવવાના કાર્ય સાથે જોડાયેલા છે. મોહન ભાગવતે બહુ સચોટ વાત કહી કે તમે સત્તામાં હો કે વિપક્ષમાં, અહંકાર તો મસ્તિષ્કને ભ્રષ્ટ જ કરે છે. આપણી સંસ્કૃતિમાં અહંકારશૂન્યતાને જ પ્રશંસનીય માનવામાં આવી છે. આ એક સાધના પણ છે. માત્ર બોલી નાખવાથી તો કોઈ અહંકારશૂન્ય થઈ નથી જતું. તેના માટે વ્યક્તિ, વિશેષકરીને જેઓ જાહેર જીવનમાં છે, તેમણે પોતાની અંદર જોવું પડશે અને પોતાની ખામીઓ સુધારવી પડશે. મોહન ભાગવતની સલાહ એક ચેતવણી પણ છે. જો સમાજને સમરસ, સમતામૂલક અને શાંતિપૂર્ણ બનાવવો હોય, તો ચાહે મણિપુર હોય કે દેશનો કોઈ અન્ય હિસ્સો હોય, દરેક જગ્યાએ સકારાત્મક પ્રયાસ થવા જોઈએ. ત્યારે જ સમૃદ્ઘ સમાજ બની શકશે. આશા છે કે સત્તા પક્ષ અને વિપક્ષ સંઘ પ્રમુખની વાતો પર ધ્યાન આપશે.

# કેશોદ બ્રહ્મસમાજ દ્વારા વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો



(કમલેશ જોષી દ્વારા)
કેશોદ તા.૨૫

કેશોદ શહેરમાં વસતાં સમસ્ત બ્રહ્મસમાજના વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૨૩-૨૪મા પરીક્ષાઓમાં સફળતા મેળવી બ્રહ્મસમાજને ગૌરવ અપાવ્યું છે એવા બાલવાટીકા, કેજી થી ઉચ્ચ શિક્ષણ સુધીના ૧૮૦ વિદ્યાર્થીઓનું સન્માન કરવાનો કાર્યક્રમ અગ્રણી બિલ્ડર અને સામાજિક કાર્યકર રજનીભાઈ બામરોલીયાના અતિથિવિશેષ ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો. સમસ્ત બ્રહ્મસમાજ કેશોદના પ્રમુખ રાજુભાઈ પંડ્યા એ સ્વાગત પ્રવચન કરી સૌ મંચસ્થ મહાનુભાવો અને હોદેદારો ઉપરાંત સૌ ભૂદેવ પરિવારને આવકાર્યા હતાં. કેશોદ સમસ્ત બ્રહ્મસમાજના મેનેજીંગ ટ્રસ્ટી મુકેશભાઈ સાતા ટ્રસ્ટી ડૉ નવનીતભાઈ ધોળકિયા, નિવૃત્ત મામલતદાર એચ એચ ત્રીવેદી, નગરપાલિકા સદસ્ય ગૌરાંગભાઈ વ્યાસ, વિનુભાઈ પંડ્યા, મમતાબેન રાવલ, શિવાનીબેન પંડ્યાના હસ્તે તમામ વિદ્યાર્થીઓનું પ્રોત્સાહિત ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. શૈક્ષણિક સત્ર શરૂ થતાં પ્રથમ સપ્તાહમાં અભ્યાસમાં ઉપયોગી વસ્તુઓની કીટ લોઅર કેજી થી ઉચ્ચ શિક્ષણ સુધીના તમાંમ સફળતા મેળવેલા વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યાં હતાં. શૈક્ષણિક ક્ષેત્રે બ્રહ્મસમાજના વિદ્યાર્થીઓ ઉતરોતર પ્રગતિ કરી સફળતાનાં શિખરો સર કરે અને સમાજનું શહેરનું ગૌરવ વધારે એવાં હેતુથી વિદ્યાર્થી સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. કેશોદમાં કોમ્પ્યુટર ક્ષેત્રમાં નામનાં ધરાવતાં સોફટકિંગ ટેક કોમ્પ્યુટર જયભાઈ પુરોહિત દ્વારા કેજી થી માધ્યમિક સુધીના અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના ફોટોગ્રાફ સાથેના લેબલની સ્ટીકર સીટ બનાવી આપવામાં આવી હતી. કેશોદ ઔદિચ્ય ઝાલાવાડી બ્રહ્મસમાજ ના પુર્વ પ્રમુખ વિનુભાઈ પંડ્યા એ સન્માનિત વિદ્યાર્થીઓને આર્શીવચન આપી માં સરસ્વતીની કૃપાદષ્ટિ હરહમેશ રહે અને ઉતરોતર પ્રગતિ કરી પરિવાર,સમાજ, શહેરનું ગૌરવ વધારવા શુભેચ્છા પાઠવી હતી. કેશોદના ઔદિચ્ય ગોહિલવાડી બ્રહ્મસમાજની વાડી ખાતે યોજાયેલા વિદ્યાર્થી સન્માન સમારોહ કાર્યક્રમને સફળ બનાવવા સમસ્ત બ્રહ્મસમાજ ટ્રસ્ટીમંડળ, મહિલા પાખ, યુવા પાખ, બ્રહ્મ સોશ્યલ ફોરમ કારોબારી સમિતિના સભ્યો દ્વારા જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કેતનભાઈ પુરોહિત દ્વારા કરવામાં આવ્યું હતું.

કેશોદ શહેરમાં વસતાં સમસ્ત બ્રહ્મસમાજના ભાઈઓ અને બહેનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતાં. કેશોદ સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા સમાજના વિદ્યાર્થીઓ માટે વોટ્સએપ ગૃપ શરૂ કરવામાં આવ્યું છે જેમાં બ્રહ્મસમાજના કોઈપણ વિદ્યાર્થીઓને શૈક્ષણિક ક્ષેત્રે અભ્યાસ દરમ્યાન મુશ્કેલીઓ આવે તો તજજ્ઞ શિક્ષકો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. વયમર્યાદાને કારણે નિવૃત્ત થયેલા અને બહારગામથી બદલી કેશોદ ખાતે નિયુકત થયેલા બ્રહ્મસમાજના કર્મચારીઓનું પણ સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું. આભારવિધિ જીતુભાઈ ધોળકિયા એ કરી હતી અને કાર્યક્રમ પુરો થયા બાદ અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવી હતી.

# ઉનાના દેલવાડા ગામે મેગા મેડિકલ કેમ્પ યોજાયો



(નવીન જોષી દ્વારા)
ઉના તા.૨૫

ઉના તાલુકાના દેલવાડા એમએસ સંઘવી સ્કૂલના કમ્પાઉન્ડમાં કુબાવત ચેરીટેબલ ટ્રસ્ટ અને રાજકોટ વોકહાર્ડ હોસ્પિટલના સહયોગથી મેગા મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું જેમાં ૫૦૦ થી વધારે દર્દીઓએ લાભ મેળવી લીધો હતો.


ઉના તાલુકાના દેલવાડા એમએસ સંઘવી વિદ્યાલયના કમ્પાઉન્ડમાં કુબાવત ચેરીટેબલ ટ્રસ્ટ અને રાજકોટ ની નામાંકિત હોસ્પિટલ વોકહાર્ડના સહયોગથી દેલવાડામાં મેગા મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

માનવ સેવા એજ પ્રભુ સેવા ની ઉક્તિ ને સાર્થક કરતા કુબાવત ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સર્વ રોગ નિદાન કેમ્પ નું સુંદર આયોજન દેલવાડા ગામે શ્રીએમ.એસ.સંઘવી વિદ્યાલય ના પટાંગણ માં કરવામાં આવ્યું હતું. જેમાં વોકહાર્ટ હોસ્પિટલ ના ડૉ.હાર્દિક ધમસાનિયા,ડૉ.નયન ટીંબડીયા,ડૉ.સુનીલ બાનસોડે ,ડૉ.કૌશિક હડીયા તથા દીવ ગવર્મેન્ટ હોસ્પિટલ માં સેવા આપતા ડૉ. સંદિપ હાજર રહ્યા હતા. જેમના દ્વારા દર્દીઓ નું વિનામૂલ્યે નિદાન કરવામાં આવ્યું હતું.

આ મેગા મેડિકલ કેમ્પમાં દેલવાડા તેમજ આજુબાજુના વિસ્તારમાં રહેતા ગરીબ અને મધ્યમ વર્ગના ૫૦૦ થી વધારે લોકોએ વિનામૂલ્યે પોતાના શરીરને લગતી બીમારીઓનું નિદાન કરાવ્યું હતું. મધ્યમ અને ગરીબ પરિવારના લોકો જો આવી મોટી હોસ્પિટલના ડોક્ટરને મળવા જતા હોય તો આશરે ચારથી પાંચ હજારનો ખર્ચો થતો હોય પરંતુ કુબાવત ચેરીટેબલ ટ્રસ્ટ અને વોકહાર્ડ હોસ્પિટલના સહયોગથી સમગ્ર દર્દીઓને ફ્રી માં સારવાર આપવામાં આવી હતી. કેમ્પમાં વોકહાર્ડ ડોક્ટરની મહેનત જોતા એવું લાગે ખરેખર ડોક્ટરે ભગવાનનું બીજુ સ્વરૂપ છે તે સાર્થક કરતા અહીંયા જોવા મળે છે. આ મેડિકલ કેમ્પનું આયોજન સફળ કરવા દેલવાડા કુબાવત ચેરીટેબલ ટ્રસ્ટ ના અર્થાત પ્રયત્નોથી સફળ બનાવવામાં આવ્યુ હતુ. સાથે સાથે દેલવાડાના સામાજિક અગ્રણી હિરેનભાઈ બાંભણીયા ડોક્ટર સીરાજી વગેરે સફળ આયોજન કર્યું હતું.

# ખંભાળિયા પંથકમાં એસ.ઓ.જી. પોલીસે ડ્રોન કેમેરાની મદદથી ઝડપીને પાંચ માછીમારો સામે કાર્યવાહી કરી





(પ્રતિનિધી દ્વારા)
જામ ખંભાળિયા, તા.૨૫

દેવભૂમિ દ્વારકા જિલ્લા એસ.ઓ.જી. પોલીસ દ્વારા શનિવારે ડ્રોન કેમેરાની મદદથી દરિયાકાંઠા વિસ્તારમાં ચેકીંગ તેમજ તપાસ કાર્યવાહી કરી હતી. જેમાં સલાયા નજીક માછીમારી કરી રહેલા પાંચ શખ્સો કેમેરામાં કેદ થઈ જતા આ તમામ સામે જાહેરનામા ભંગ સબબ ગુનો નોંધ્યો હતો.

દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ દરિયાકાંઠા વિસ્તારમાં પોલીસ તંત્ર દ્વારા સઘન ચેકીંગ કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેને અનુલક્ષીને એસ.ઓ.જી. પોલીસ દ્વારા પણ દરિયા કિનારાના વિસ્તારો, લેન્ડિગ પોઈન્ટ અવાવરૂ જગ્યાઓમાં પણ ચેકિંગ કાર્યવાહી કરી હાલ ચોમાસાની ઋતુમાં દરિયાકાંઠા વિસ્તારમાં ડ્રોન કેમેરાની મદદ વડે કામગીરી કરવામાં આવી હતી. આ ડ્રોન ચેકિંગ દરમિયાન કેટલાક શખ્સો પોતાની યાંત્રિક બોટ મારફતે સલાયા વિસ્તારમાં ગેરકાયદેસર રીતે માછીમારી કરતા હોવાનું ધ્યાને આવતા આ અંગેના લાઈવ વિડીયો ફૂટેજ નિહાળી અને એસ.ઓ.જી. પોલીસ અન્ય બોટ મારફતે આ સ્થળે પહોંચી ગયા હતા. એસ.ઓ.જી.ના ઈન્ચાર્જ પી.આઈ. સીંગરખીયાના માર્ગદર્શન હેઠળ કોસ્ટલ તકેદારીના ભાગરૂપે સ્ટાફ દ્વારા કરવામાં આવેલી આ કાર્યવાહીમાં રહેતા હસન અબ્દુલ હુંદડા, ઈનાયત અનવર ગંઢાર, ઉમર હુસેન ચમાડિયા, અયુબ કાસમ સુંભણીયા અને હુશેન ઓસમાણ ભાયા નામના પાંચ માછીમારોને ઝડપી લેવામાં આવ્યા હતા.

આ માછીમારોની પૂછતાછમાં તેઓએ ચોરી છુપીથી ચેરની ઝાળીઓની આડમાં લઈ અને માછીમારી કરી પરત આવ્યા અને કબુલાત આપી હતી હાલ દરિયામાં ભારે કરંટ હોવા છતાં પણ માછીમારી કરવાના પ્રતિબંધનું ઉલ્લંઘન કરીને પોતાની જિંદગી જોખમમાં મુકવા સબબ સલાયા મારીને પોલીસ મથકમાં ઉપરોક્ત તમામ પાંચ માછીમારો સામે જાહેરનામા ભંગ તેમજ ગુજરાત મત્સ્યોદ્યોગ સુધારાની કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

આ સમગ્ર કાર્યવાહી એસ.ઓ.જી. પી.આઈ. પ્રશાંત સીંગરખીયા, સલાયાના ઈન્ચાર્જ પી.આઈ. વી.એન. સીંગરખીયા, રાજેન્દ્રસિંહ જાડેજા, ઓમદેવસિંહ જાડેજા, પીઠાભાઈ જોગલ, કિશોરસિંહ જાડેજા, હારદીપ સિંહ જાડેજા અને વિપુલભાઈ ડાંગર દ્વારા કરવામાં આવી હતી.

# દિલ્હીથી દુબઈની ફલાઈટમાં બોમ્બ : મજાક કરનાર ધો.૯નો સગીર વિદ્યાર્થી ઝડપાયો

નવી દિલ્હી, તા. ૨૫

નવી દિલ્હીથી દુબઈ જતી ફલાઈટમાં બોમ્બ હોવાનો ઈ-મેઈલ કરનાર ધો.૯માં ભણતો ૧૩ વર્ષનો સગીર નીકળ્યો છે જેણે મજાકમાં મેઈલ કર્યાનું બહાર આવ્યું છે. પોલીસે જણાવ્યું હતું કે, આ સગીરે ફલાઈટમાં બોમ્બની ધમકી મોકલવા માટે એક નવું મેઈલ આઈડી બનાવ્યું હતું અને મેઈલ મોકલ્યા બાદ તેણે તે આઈડી ડિલીટ કરી દીધુ હતું. જેથી પોલીસ તેના સુધી પહોંચી ન શકે. ટેક્નિકલ સર્વેલન્સ દ્વારા ઈ-મેઈલ મોકલનાર વ્યક્તિનું લોકેશન ઉત્તારાખંડના પિથોરાગઢમાં મળી આવ્યું હતું. જે બાદ પોલીસ ટીમને પિથોરાગઢ મોકલવામાં આવી હતી. પિથોરાગઢ પહોંચતા જ પોલીસ ટીમને ખબર પડી કે હોક્સ બોમ્બ ઈ-મેઈલ મોકલનાર વ્યક્તિ ૧૩ વર્ષનો છોકરો હતો. એરપોર્ટ પોલીસની ટીમે આ બાળકને પોતાની કસ્ટડીમાં લઈ પૂછપરછ શરૂ કરી હતી. પૂછપરછ દરમિયાન બાળકે જણાવ્યું કે, તેના માતા-પિતાએ તેને અભ્યાસ માટે મોબાઈલ ફોન આપ્યો હતો, જેના દ્વારા તેણે ઈમેલ મોકલ્યા અને બાદમાં તેનું આઈડી ડિલીટ કરી દીધું. તે ડરી ગયો હોવાથી તેણે તેના માતા-પિતાને જાણ કરી ન હતી.ડીસીપી ઉષા રંગનાનીએ જણાવ્યું કે પિથૌરાગઢથી પકડાયેલા આ બાળકે ઉપયોગમાં લીધેલા ફોન મળી આવ્યા છે. સાથે જ આ સગીર બાળકની કસ્ટડી તેના માતા-પિતાને સોંપવામાં આવી છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

આત્મગૌરવ ખોઈનાખનારનું જીવન મૃત્યુ સમાન છે.

- ભર્તૃહરિ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.બહમન-૧૩૯૩, મુ. જીલ્હજ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, જેઠ વદ-૪ અંગારકી સંકષ્ટ ચતુર્થી (ચંદ્રોદય રાત્રે ૧૦:૪૯ ક.), પંચક (રાત્રે ૧:૪૮ ક.થી પ્રારંભ) તા.૨૫ જૂન ૨૦૨૪, મંગળવાર, પારસી તા.૧૫, મુસ્લિમ તા.૧૮, શ્રવણ નક્ષત્ર, વૈધૃતિ યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૦૭, સૂ.અ.૭:૪૦

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ જ), રાત્રે ૧:૪૮ ક. પછી જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: આર્થિક સમસ્યા હળવી બને. અગત્યના કાર્યમાં સફળતા મળે.
વૃષભ:મનમાં અશાંતિ રહે. મનની મુરાદ બર ન આવે.
મિથુન:નવિન આયોજનો સફળતાથી પાર પાડી શકશો. આરોગ્ય સંભાળવું.
કર્ક: કાર્યોમાં વિલંબથી સફળતા મળે. પરિવારજનોમાં વાદ-વિવાદ થાય.
સિંહ: ખર્ચ પર કાબુ રાખવો. ચિંતાનો ઉકેલ મળે.
કન્યા: મનમાં વ્યગ્રતા રહે. જીવનસાથીના આરોગ્ય અંગે સંભાળવું.
તુલા: અણધારી આફત આવી પડે. મનમાં ચંચળતા રહે.
વૃશ્ચિક:અણધાર્યો ધન લાભ થાય. ભાગીદારીથી ચેતતા રહેવું.
ધન: કાર્યબોજ વિશેષ રહે. નાણાંભીડ અનુભવાય.
મકર: સફળતા માટે મહેનત કરવી પડે. નવિન ખરીદી થાય.
કુંભ: મિલકત-વાહનોને લગતા પ્રશ્નો હલ થાય. વ્યર્થ ક્રોધ ટાળવો.
મીન: પરિશ્રમનું શ્રેષ્ઠ ફળ મળે. અધિકારીથી લાભ થાય.

# હવે ૧૮૦ દિવસની પ્રસૂતિ રજા : સરોગસી સંબંધિત નિયમોમાં સુધારો : પિતાને પણ ૧૫ દિવસની રજા

## કેન્દ્ર સરકારે મેટરનિટી લીવ સાથે જોડાયેલા નિયમો પર મોટો નિર્ણય લીધો


નવી દિલ્હી તા. ૨૫

કેન્દ્ર સરકારે મેટરનિટી લીવના મામલે મોટા ફેરફારો કર્યા છે. કેન્દ્ર સરકારે સરોગસી સંબંધિત નિયમોમાં સુધારો કર્યો છે. સરકારના આ નિર્ણય બાદ હવે સરકારી કર્મચારીઓ ૧૮૦ દિવસ સુધીની રજા મેળવી શકશે. ડિપાર્ટમેન્ટ ઓફ પર્સોનલ એન્ડ ટ્રેનિંગે ૧૮ જૂને આ સંદર્ભમાં એક નોટિફિકેશન બહાર પાડ્યું હતું.

આ મુજબ, કેન્દ્ર સરકારની આવી મહિલા કર્મચારીઓ જેમણે સરોગસી દ્વારા બાળકને જન્મ આપ્યો છે તેઓ હવે છ મહિનાની પ્રસૂતિ રજા માટે હકદાર બનશે. આવી મહિલા કર્મચારી માટે, જો ગર્ભ (સરોગેટ મધર) આપનારી મહિલા પણ કેન્દ્રની કર્મચારી હશે, તો બંને માતાઓને છ મહિનાની પ્રસૂતિ રજા મળશે. જો કે તેની શરત એ હશે કે આવી મહિલાઓના જીવતા બાળકોની સંખ્યા બે કરતા ઓછી હોવી જોઈએ.

નવા નિયમો હેઠળ સરોગેટ માતાની સાથે બીજી માતાને સરોગેટ મધર તરીકે ઓળખવામાં આવી છે. કસ્ટોડિયલ માતા બાળકની સંભાળ રાખવા માટે બે વર્ષની બાળ સંભાળ રજા માટે પાત્ર હશે, જે બાળક ૧૮ વર્ષનું થાય ત્યાં સુધી મેળવી શકાય છે.

# વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ અને પાંચ ગામના યુવાનોને હનુમાન ચાલીશાના પાઠની શરૂઆત કરી



(નિરવ ગઢીયા દ્વારા)
ઉના તા.૨૫

સનાતન હિન્દુ ધર્મમાં હનુમાનજી મહારાજનું અનોખું યોગદાન છે. જેમાં ઉના શહેર તથા તાલુકાના હિન્દુ યુવાનોને એક સમય નવા ઉગલા ગામે હનુમાનજી મહારાજના મંદિરે જૂના ઉગલા, મોતિસર, અમબાળા અને ધોકડવા ગામના યુવાનો ભેગા મળી અને એનાથી ગીર સોમનાથ જિલ્લાના મહામંત્રી નીપુલ શાહ તથા ઉના તાલુકા વિશ્વ હિન્દુ પરિષદ પ્રખંદ યશવંત બાંભણિયા અને સાથે બજરંગ દળ ઉના તાલુકા પ્રમુખ ભાવેશ સાંખટ તથા અનેક યુવાનો ઉનાંથી જોડાયેલ અને સનાતન હિન્દુ ધર્મની હનુમાન ચલીશા બોલી અને પહેલ કરેલ હતી.

### અમેરિકાથી અમદાવાદ આવેલ પાર્સલોમાં રૂા.૩.૮૪ કરોડનો હાઈબ્રિડ ગાંજો-લિક્વિડ ડ્રગ્સ !

# બાળકોના રમકડાંમાં નશાના સામાનની ડિલિવરી ધો.૧૦-૧૨ના છાત્રો મંગાવતા હોવાનો ઘટસ્ફોટ !

## વિદ્યાર્થીઓએ સોશિયલ મીડિયા થકી ઓર્ડર કર્યો હતો : અગાઉના કન્સાઈન્મેન્ટનો જ ભાગ

અમદાવાદ, તા.૨૫

અમદાવાદની ફોરેન પોસ્ટ ઓફિસમાં અમેરિકાથી આવેલા પાર્સલને ક્રાઈમ બ્રાન્ચ ઝડપી પાડ્યું છે. આ પાર્સલમાંથી ૩.૮૪ કરોડનો હાઈબ્રિડ ગાંજો અને લિક્વિડ ડ્રગ્સ મળી આવ્યું છે. અગાઉ પણ ફોરેન પોસ્ટ ઓફિસ ઉપરથી ડાર્ક વેબથી ઓર્ડર કરાયેલો હાઈબ્રિડ ગાંજો મળ્યો હતો. આ સમગ્ર પ્રકરણમાં એ સમયે સેન્ટ્રલ એજન્સી અને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમે રેડ કરીને રમકડાની વચ્ચેથી હાઈબ્રિડ ગાંજો ઝડપી પાડ્યો હતો. ત્યારે ફરી એક વખત કરોડોનું કન્સાઈનમેન્ટ રિસીવર પાસે જાય એ પહેલાં જ ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યું છે. ૫૮ પાર્સલ કેનેડા અને અમેરિકાથી આવ્યાં હતાં, જેમાં ડાઈપર, બાળકોના મોજા, રમકડાં અને સાડીમાં સંતાડેલો નશાનો સામાન નીકળ્યો હતો. પોલીસ તપાસમાં એવો ચોંકાવનારા ઘટસ્ફોટ થયો છે કે, આ પાર્સલ નશાના બંધાણી થયેલા ધો.૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ મંગાવતા હતા.

અમદાવાદ સહિત રાજ્યભરના વાલીઓ માટે એક મોટી અને ચિંતાજનક ચેતવણી સમાન બાબત સામે આવી છે. થોડા સમય પહેલાં અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ અને કસ્ટમ વિભાગે ફોરેન પોસ્ટ ઓફિસ માધ્યમથી પાર્સલમાં આવતા ગાંજાના રેકેટનો પર્દાફાશ કર્યો હતો. જેમાં વધુ તપાસ કરતા એક ગંભીર અને ચોંકવનારી બાબત સામે આવી છે. ક્રાઈમ બ્રાન્ચને તપાસ કરતા માલુમ પડ્યું કે, જે ડ્રગ્સ મંગાવવામાં આવતું હતું તેમાં ટીનેજર એટલે કે, શાળામાં ધોરણ ૧૦થી ૧૨નો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓઓ દ્વારા મંગાવવામાં આવતું હતું. આ બાબતનો ઘટસ્ફોટ ગાંજાના બંધાણી થયા હોય એવા બાળકોની પૂછપરછ અને કાઉન્સિલિંગમાં થયો છે. અમેરિકાથી અમદાવાદ આવતું ૩.૮૪ કરોડનું કુરિયર જેમાં હાઈબ્રિડ ગાંજો અને લિક્વિડ ડ્રગ્સ હતું. આ વાતની જાણ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને થતાં જ તેણે પાર્સલને ઝડપી લીધું હતું. અગાઉ જે પ્રમાણે ડાર્ક વેબથી હાઈબ્રિડ ગાંજો ઓર્ડર કરીને મગાવવામાં આવ્યો હતો એવી જ રીતે આ વખતે ડ્રગ્સ આવી રહ્યું હતું. આ અગાઉના કન્સાઈનમેન્ટનો જ એક ભાગ હોવાનું બહાર આવ્યું છે. હાલ આ ડ્રગ્સ પકડાયા બાદ આ વખતે પણ કોઈ રિસીવર મળી આવ્યું નથી. આ દરમ્યાન પણ કેટલાંક પાર્સલ આવી ગયાં હોય એવી શક્યતા સેવાઈ રહી છે. આ અંગે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના અધિકારીએ જણાવ્યું હતું કે હાલ આવા ઓપરેશન ચાલી રહ્યા છે અને કરોડોની કિંમતનો ગાંજો મળી આવે છે. આ વખતે પણ રિસીવર સામે આવ્યો નથી. અગાઉ ૧ જૂનના રોજ ફોરેન પોસ્ટ ઓફિસરમાં કસ્ટમ વિભાગ અને ક્રાઈમ બ્રાન્ચે આ જ પ્રકારે અલગ અલગ પાર્સલમાંથી ડ્રગ્સનો જથ્થો ઝડપી પાડ્યો હતો. જેમાં ખોટા એડ્રેસ હતા. આ એડ્રેસની તપાસ દરમ્યાન એક મહત્વપૂર્ણ કડી પોલીસને મળી હતી. જેની તપાસ કરતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. કેમ કે, એ હકિકત સામે આવી કે, શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થી દ્વારા સોશિયલ મીડિયાની મદદથી ઓર્ડર કરવામાં આવ્યો હતો.



કુલ ૧૫ બાળકોનું કાઉન્સિલિંગ કરી પૂછપરછ કરી સાથે તેમના વાલીઓને પણ બોલાવી પૂછપરછ કરી આ ગંભીર બાબતનું ધ્યાન દોરવામાં આવ્યું હતું. આ પૂછપરછ દરમ્યાન પોલીસને બાતમી મળી હતી કે, હજુ પણ આ પ્રકારે ડ્રગ્સનો જથ્થો ફોરેન પોસ્ટ ઓફિસના માધ્યમથી લાવવામાં આવી રહ્યો છે. જેથી પોસ્ટ ઓફિસ અને કસ્ટમર વિભાગ તરીકે ઓપરેશન કરી શંકાસ્પદ જણાતા પાર્સલની તપાસ કરી જેમાંથી કુલ ૬૦ પાર્સલ એવા મળી આવ્યા કે, જેમાં સિન્થેટિક લિક્વિડ અથવા તો અન્ય સ્વરૂપમાં ગાંજો હતો. પોલીસે સ્લીપર ડોગની મદદથી ફોરેન ઓફિસમાં આવતા પાર્સલની તપાસ કરી હતી. જેમાં કુલ ૫૮ પાર્સલમાં ડ્રગ્સ હતું. જ્યારે બે પાર્સલ એવા હતા કે, જેમાં લિક્વિડ સ્વરૂપમાં ડ્રગ્સ મળી આવ્યું હતું. ક્રાઈમ બ્રાન્ચે કરેલી રેડ દરમ્યાન પાર્સલમાંથી ૧૧ કિલો ૬૦૧ ગ્રામ ગાંજો મળી આવ્યો હતો. જેની કિંમત ૩.૮૪ કરોડ થાય છે. અગાઉની જેમ આ વખતે પણ ડ્રગ્સ સપ્લાયરો દ્વારા બેબી ડાયપર, રમકડાં, સ્પાઈડર મેન, સ્ટોરી બૂક, વિટામિન કેન્ડી, સ્પિકર, ફોટોફ્રેમ, એન્ટીક બેગ વગેરેના પાર્સલની આડમાં ગાંજો મોકલવામાં આવ્યો હતો. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા હવે આગામી સમયમાં આ જ પ્રકારે પાર્સલની આડમાં ગાંજાના જથ્થાની ડિલિવરીનો પર્દાફાશ કરવાની કામગીરી ચાલુ રાખશે.

# વડતાળ સ્વામીનારાયણ મંદિર ફરી વાર ચર્ચામાં : હરિભક્તોએ કરેલ હલ્લાબોલ મુદ્દે હવે ૧૦ દિવસ બાદ ૧૩ લોકો સામે ફરિયાદ



નડિયાદ, તા.૨૫

સ્વામિનારાયણ સંપ્રદાયના સંતોની સેક્સ લીલાંથી નારાજ થયેલા હરિભક્તોએ દસ દિવસ અગાઉ વડતાલ ખાતે આવી ચડી કરેલા હલ્લા બોલને મુદ્દે ૧૦ દિવસ બાદ હવે રહી-રહીને મંદિર સેવક- ભક્ત દ્વારા અમદાવાદ અને સુરતના ૧૩ હરિભક્તો સામે ફરિયાદ નોંધાતા હરિભક્તોમાં વધુ નારાજગી વ્યાપી છે. આ અંગે મળતી માહિતી મુજબ ગત ૧૩ જુનના રોજ સ્વામિનારાયણ સંપ્રદાયના મુખ્ય ગાદી વડતાલ ખાતે કેટલાક હરિભક્તો રોષ સાથે રજૂઆત કરવા આવ્યા હતા. જેના પગલે મંદિર પરિસરનુ વાતાવરણ ગરમાયું હતું અને કોઠારી ચેમ્બર બહાર જ હાથમાં બેનર લઈ હરિભક્તો સૂત્રોચ્ચાર કરતા ધાર્મિક વાતાવરણ ખરાબ થયું હતું. આ મામલે વડતાલમાં રહેતા અને મંદિરમાં સેવા કરતા ભક્ત નરેન્દ્રભાઈ અંબાલાલ પટેલે વડતાલ પોલીસમાં નોધાવેલી ફરિયાદમાં જણાવાયું છે કે, વડતાલ મંદિરના પરિસરમાં આવેલ મુખ્ય કોઠારીની ઓફીસની બાજુમાં બહારના ભાગે આવેલ રિસેપ્શન ટેબલે હાજર હતા. ત્યારે સવારના આશરે દશેક વાગ્યાની આસપાસ હરીભક્તો હસમુખ ભચુ વાઘાણી સહિત ૧૩ શખ્સો તથા અન્ય ૧૦૦ જેટલા માણસો મંદિર પરિસરમાં અચાનક આવી પહોંચી મોટે મોટેથી બૂમો પાડી મંદિરનું વાતાવરણ બગાડી નાખેલ હતું. તો આ બાબતે ઉપરોક્ત લોકોએ નરેન્દ્રભાઈ પટેલને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. વચ્ચે આવેલા શૈલેષભાઈને પણ ધમકી આપેલ કે જો વચ્ચે આવશો તો તમારા અને તારા કુટુંબના ટાંટીયા તોડી નાખીશ અને જીવતા નહી રહેવા દઈએ જે ધમકી આપતા તેમની સાથેના બધા જ માણસોએ નરેન્દ્રભાઈ સાથે ધક્કામુક્કી કરી હતી. ત્યાર પછી કોઠારીની ઓફિસ આગળ પહોંચી કોઠારીની ઓફીસમા અંદર જવા જતા મંદિરના સીક્યુરીટી ગાર્ડ તેઓને રોકેલ જેથી તેઓ બધાએ કોઠારીની ઓફિસે બૂમ બરાડા પાડી તેમના હાથમાં રહેલ બેનરો સાથેનારા લગાવી મંદિરનું વાતાવરણને ડહોળી નાખેલ હતું. વધુમાં ફરિયાદમાં જણાવ્યું છે કે આવેલ લોકોમાંથી ૫ વ્યક્તિઓએ મંદિરમા સભામંડપની પાસે આવેલા સંત નિવાસમાં જઈને સંતનિવાસની સીડીઓમાંથી પસાર થતા એક સંતને અવરોધી રોકી લઈ તે સંતને ગમેતેમ બોલી ઝપાઝપી કરી જબરદસ્તી ખેંચીને નીચે લઈ જઈ તેમની સાથે ધોલધાપટ કરી હોવાના આક્ષેપો કરાયા છે. આથી આ મામલે બનાવના ૧૦ દિવસ પછી સુરત, અમદાવાદના ૧૩ હરિભક્તો વિરૂદ્ધ વડતાલ પોલીસમાં નરેન્દ્રભાઈ પટેલે ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## નડિયાદથી અમદાવાદ જતી બસમાં ડ્રાઈવરે યુવતીને કેબીનમાં બેસાડી વાતો કરતો વીડિયો વાયરલ

નડિયાદ, તા.૨૫

નડિયાદથી અમદાવાદ જતી બસમાં ડ્રાઈવરની કેબિનમાં એક યુવતી બેસીને અમદાવાદની સફર સુધી ડ્રાઈવર સાથે વાત કરતી હોવાનો વીડિયો વાયરલ થતા ચર્ચાનો વિષય બની ગયો હતો. જોકે આ બાબતને ગંભીર લઈને નડિયાદ એસટી ડેપો મેનેજરે આ ડ્રાઈવર સામે તાત્કાલિક ધોરણે કડક પગલાં ભરવા કામગીરી શરૂ કરી દીધી છે. આ અંગે મળતી માહિતી મુજબ નડિયાદથી અમદાવાદ સવારે ૯:૦૦ કલાકે ઉપડેલી બસમાં ડ્રાઈવર બસ ચલાવતો હતો. તેની કેબિનમાં જ ચહેરા ઉપર દુપટ્ટો બાંધેલી એક યુવતી બેઠેલી હતી અને તે અમદાવાદની સફર સુધી ડ્રાઈવર સાથે વાત કરતી હતી. બસમાં બેઠેલા કેટલાક મુસાફરોએ આ વાર્તાલાપનો વીડિયો પોતાના મોબાઈલમાં કેપ્ચર કરી સોશિયલ મીડિયા ઉપર વહેતો કર્યો હતો જેની જાણ નડિયાદ ડેપો મેનેજર કેકે પરમારને થઈ હતી. જેથી તેમણે ડ્રાઈવરની કેબીનમાં ડ્રાઈવર સિવાય કોઈ ના બેસી શકે તેઓ નિયમ હોય ડ્રાઈવરની આ બેદરકારીને ધ્યાનમાં લઈ ડ્રાઈવર સામે કડક પગલાં ભરવા કાર્યવાહી હાથ ધરી છે. ડ્રાઈવરે યુવતી પોતાની સગા સંબંધી હતી. તેની સાથે અન્ય કોઈ બીજી વાત થઈ નથી તેવો ખુલાસો કર્યો છે. ડેપો મેનેજર કે કે પરમારે જણાવ્યું હતું કે વિડીયો મને મળ્યો છે ડ્રાઈવરે ડ્રાઈવર કેબીનમાં કોઈને બેસવાની મનાઈ હોવા છતાં પેસેન્જરને બેસાડી નિયમનો ભંગ કર્યો હોય નિયમ મુજબ કરવા પાત્ર થતી તમામ શિક્ષા કરવામાં આવશે.

### ટાટા સ્ટીલના કર્મચારીઓ હડતાળ ઉપર ઉતરશે

# બ્રિટનમાં ૪૦ વર્ષમાં પ્રથમ વખત સ્ટીલ કામદારો કરશે હડતાળ

લંડન, તા.૨૫

વિશ્વના વિકસિત દેશો પૈકીના એક બ્રિટન ૪૦ વર્ષમાં પ્રથમ વખત સ્ટીલ કામદારોની હડતાળનો સામનો કરવા જઈ રહ્યું છે. ટાટા સ્ટીલના લગભગ ૧,૫૦૦ કર્મચારીઓ ૮ જુલાઈથી અનિશ્ચિત મુદતની હડતાળ શરૂ કરશે. વાસ્તવમાં કંપનીએ વેલ્સના પોર્ટ ટેલ્બોટ અને લાનવર્નના પ્લાન્ટમાં કામ કરતા ૨,૮૦૦ કર્મચારીઓને છટણીના નામે બેરોજગાર બનાવ્યા છે. આ ઉપરાંત બ્લાસ્ટ ફર્નેસ પણ બંધ કરી દેવામાં આવી છે. આ પછી નારાજ કર્મચારીઓએ એકજૂથ થઈને ૮ જુલાઈથી હડતાળ ઉપર જવાનો નિર્ણય કર્યો છે. ટાટા સ્ટીલના યુનાઈટ ધ યુનિયને કહ્યું કે ૪૦ વર્ષમાં આ પ્રથમ વખત છે જ્યારે ટાટા સ્ટીલ યુકેમાં કામ કરતા યુકેના કર્મચારીઓએ હડતાળ ઉપર જવાનો નિર્ણય કર્યો છે. તેનો હેતુ પ્લાન્ટની કામગીરી ઉપર ગંભીર અસર કરવાનો છે. આ હડતાલ વેલ્સમાં ટાટાના પોર્ટ ટેલ્બોટ અને લાનવર્ન સાઈટ્સ ઉપર થશે. યુનાઈટેડના જનરલ સેક્રેટરી શેરોન ગ્રેહામે કહ્યું, ‘ટાટાના કર્મચારીઓ માત્ર તેમની નોકરી માટે લડતા નથી. તેઓ તેમના સમુદાયોના ભવિષ્ય અને વેલ્સમાં સ્ટીલ ઉદ્યોગના ભવિષ્ય માટે લડી રહ્યા છે. જ્યાં સુધી ટાટા તેની વિનાશક યોજનાઓ બંધ નહીં કરે ત્યાં સુધી હડતાળ ચાલુ રહેશે. ટાટા સ્ટીલ બ્રિટનમાં ૮,૦૦૦થી વધુ લોકોને રોજગારી આપે છે. કંપનીએ જાન્યુઆરીમાં કહ્યું હતું કે આગામી ૧૮ મહિનામાં કુલ ૨,૫૦૦ નોકરીઓમાં કાપ મુકવામાં આવશે. યુનિયનનો દાવો છે કે વિપક્ષી લેબર પાર્ટીએ મુંબઈ-મુખ્યમથક ધરાવતી સ્ટીલ કંપનીને તેની યોજનાઓ અટકાવવા અને સામાન્ય ચૂંટણી પછી નવી ચૂંટાયેલી સરકાર સાથે વાતચીત કરવા માટે અપીલ કરી છે. તેમણે કહ્યું કે લેબર પાર્ટીએ પણ જો ચૂંટણી જીતે તો ટાટા સાથે ઈમરજન્સી વાટાઘાટોને પ્રાથમિકતા આપી છે. કંપનીએ આ નિર્ણય પર નિરાશા વ્યક્ત કરી છે અને ટાટા સ્ટીલના પ્રવક્તાએ જણાવ્યું હતું કે યુનાઈટના નિર્ણયથી કંપની નિરાશ થઈ છે. તેમણે કહ્યું કે સ્ટીલ કંપનીને દરરોજ ૧ મિલિયન પાઉન્ડનું નુકસાન થઈ રહ્યું છે. તેથી, મજબૂરીમાં છટણીનો કડક નિર્ણય લેવો પડ્યો છે. “જો આ હડતાલ પ્લાન્ટમાં કામગીરીની સલામતી અને સ્થિરતાને જોખમમાં મૂકે છે તો અમને તે બંધ કરવાની યોજનાઓને વેગ આપવાની ફરજ પડશે” તેમ પ્રવકતાએ જણાવ્યું હતું.

# ઉત્તરપ્રદેશ સરકારે કર્મચારીઓને પરવાનગી વિના મીડિયાના મંચમાં સામેલ થવા ઉપર રોક લગાવી

## સરકારી સ્ત્રોતોમાંથી માહિતીના પ્રવાહને નિયંત્રિત કરવાના ઉદ્દેશ્ય સાથે અમલમાં મૂકવામાં આવેલા વર્તમાન પગલાંને એક મહત્ત્વપૂર્ણ નીતિ પરિવર્તન તરીકે જોવામાં આવે છે

લખનૌ, તા.૨૫

ઉત્તરપ્રદેશ સરકારે એક પરિપત્ર બહાર પાડ્યો છે. જેમાં રાજ્યના કર્મચારીઓ માટે મીડિયા પ્લેટફોર્મ ઉપર તેમની સહભાગિતાના સંબંધમાં અમુક ધોરણો નક્કી કરવામાં આવ્યા છે જેનાથી અધિકારીઓએ પ્રતિક્રિયા આપી હતી. તાજેતરમાં અધિક મુખ્ય સચિવ, નિમણુંક અને કર્મચારી, દેવેશ ચતુર્વેદી દ્વારા જારી કરાયેલ પરિપત્ર, રાજ્ય કર્મચારીઓને પૂર્વ પરવાનગી વિના સોશિયલ મીડિયા, પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક, ડિજિટલ અથવા રેડિયો જેવા પ્રસારણ માધ્યમો ઉપર સરકારના નિર્ણયો ઉપર વાત કરવા, પોસ્ટ કરવા અથવા લખવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ પરિપત્ર વર્તમાન નિયમોનું વિસ્તરણ છે, જે રાજ્ય સરકારના કર્મચારીઓ માટે પ્રિન્ટ, ડિજિટલ મીડિયા, ટેલિકાસ્ટ અથવા બ્રોડકાસ્ટ મીડિયા ઉપર કોઈપણ પ્રકારના લેખનમાં જોડાતા પહેલા સત્તાવાર પરવાનગી લેવી ફરજિયાત બનાવે છે. સરકારી સ્ત્રોતોમાંથી માહિતીના પ્રવાહને નિયંત્રિત કરવાના ઉદ્દેશ્ય સાથે અમલમાં મૂકવામાં આવેલા વર્તમાન પગલાને એક મહત્વપૂર્ણ નીતિ પરિવર્તન તરીકે જોવામાં આવે છે. આ પરિપત્રમાં યુપી સરકારી નોકરોના આચાર નિયમો, ૧૯૫૬ની કલમ ૩ (૨)નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેમાં કહેવામાં આવ્યું છે કે, દરેક સરકારી કર્મચારી તેમની વર્તણૂક અને આચરણને નિયંત્રિત કરવા માટે જારી કરાયેલા વિશિષ્ટ અને ગર્ભિત સરકારી આદેશો અનુસાર પોતાનું વર્તન કરશે. અખબારો અને રેડિયો અને સરકારની ટીકા સંદર્ભે નવી જોગવાઈઓ દાખલ કરવામાં આવી છે. કોઈપણ વ્યક્તિ આ ધારાધોરણોનું ઉલ્લંઘન કરે છે અથવા તો સરકારી પરિપત્રોમાંથી નિર્ણાયક માહિતી લીક કરે છે તો તેની સામે સખત કાર્યવાહી કરવામાં આવશે. નવી માર્ગદર્શિકા હેઠળ, અખબારો, સામયિકો અથવા ડિજિટલ પ્લેટફોર્મમાં લેખો, અભિપ્રાય અથવા તો ટિપ્પણીઓ લખવાના કોઈપણ પ્રયાસ માટે હવે રાજ્ય સરકારના સંબંધિત અધિકારીઓની પૂર્વ પરવાનગીની જરૂર પડશે. આ તર્ક એ સમજાવવાનો પ્રયાસ કરે છે કે આ નિયમો એ સુનિશ્ચિત કરવા માટે છે કે સરકારી કર્મચારીઓ દ્વારા પ્રસારિત કરવામાં આવતી માહિતી અને રાજ્ય સરકારની નીતિઓ સંવેદનશીલ માહિતીના પ્રવાહને રોકવા માટે સુમેળમાં છે. તે દાવો કરે છે કે, નિર્દેશો અભિવ્યક્તિના તમામ સ્વરૂપો ઉપર વ્યક્તિગત સર્જનાત્મક અને બૌદ્ધિક અધિકારો મુજબ કર્મચારીઓ દ્વારા લખાયેલા કલાત્મક, સાહિત્યિક અને વૈજ્ઞાનિક લેખોને આ પરિપત્રમાં આ પ્રતિબંધમાંથી બાકાત રાખવામાં આવ્યા છે. આ અપવાદ સરકારી કર્મચારીઓને પૂર્વ મંજુરી લીધા વિના સાંસ્કૃતિક અને વૈજ્ઞાનિક પ્રવચનમાં યોગદાન આપવાનું ચાલુ રાખવાની મંજૂરી આપે છે. ફેસબુક, વ્હોટ્સએપ અપડેટ્સ, ‘X’, ઈન્સ્ટાગ્રામ, ટેલિગ્રામ અથવા ડિજિટલ મીડિયાના અન્ય કોઈપણ સ્વરૂપ સહિતના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઉપર કોઈપણ રાજકીય પોસ્ટ અથવા રાજ્ય સરકારની નીતિઓને લગતી કોઈ પોસ્ટ કરવા ઉપર પ્રતિબંધ છે. તે ખોટી માહિતીના ફેલાવાને રોકવામાં મદદ કરશે અને એવી ખાતરી કરશે કે તમામ જાહેર સંદેશાવ્યવહાર સત્તાવાર સાથે સુસંગત છે. અનેક લોકો આ પરિપત્રને અભિવ્યક્તિની સ્વતંત્રતા પર અંકુશ લગાવવાના પગલા તરીકે જુએ છે. તેઓ માને છે કે, આવા પગલાં સરકારની અંદર રહેલા લોકોની વિચાર પ્રક્રિયાને દબાવશે અને તેમને નીતિઓ ઉપર તેમનો ન્યાયી અને મૂલ્યવાન અભિપ્રાય આપતા અટકાવશે. PCS અધિકારી કહે છે કે, આ નવા ધોરણો સરકારી કર્મચારીઓને ઉપનામ સાથે પણ લખવા ઉપર પ્રતિબંધ મૂકે છે. આ નવા નિયમો સરકારી કર્મચારીઓ, જેઓ ખરેખર કલા, સંસ્કૃતિ, વિજ્ઞાન અથવા સાહિત્યના ક્ષેત્રમાં આ વિષયો ઉપર તેમના મંતવ્યો વ્યક્ત કરવા માંગે છે, તેઓએ તેમના પ્રસ્તાવિત લેખોને સમીક્ષા માટે સબમિટ કરવા પડશે અને પ્રકાશન પહેલાં સત્તાવાર મંજૂરીની રાહ જોવી પડશે.

# NEET વિવાદ : ઉમેદવારોને પેપર લીક કરવાના આરોપી સંજીવ મુખિયાની શોધખોળ

નવી દિલ્હી તા.૨૫

● પટનામાં ૨૫ ઉમેદવારો માટે NEET પેપર લીક થયું ● સંજીવ મુખિયાએ પ્રભાત રંજન પાસેથી હોસ્ટેલ ઉધાર લીધી ● ભૂતકાળમાં બહુવિધ પરીક્ષા લીક સાથે જોડાયેલ

નેશનલ એલિજિબિલિટી-કમ-એન્ટ્રન્સ ટેસ્ટ (NEET) કેસમાં કથિત અનિયમિતતાઓ વચ્ચે મિડિયાની એક ટીમ બિહારના શાહપુરમાં સંજીવ મુખિયાના ઘરે પહોંચી હતી. મુખિયાએ NEET પરીક્ષાના એક દિવસ પહેલા ૪ મેના રોજ બિહારના પટનામાં લર્ન પ્લે સ્કૂલ સાથે સંકળાયેલ બોયઝ હોસ્ટેલમાં લગભગ ૨૫ ઉમેદવારોને કથિત રાખ્યા હતા. અહેવાલ મુજબ ઉમેદવારોને તે જ હોસ્ટેલમાં લીક થયેલ પ્રશ્નપત્ર અને ઉત્તરવહીઓ આપવામાં આવી હતી. વિગત મુજબ સંજીવે તેના પરિચિત પ્રભાત રંજન પાસેથી જગ્યા ભાડે લીધી હતી. બિહાર પોલીસના ઈકોનોમિક ઓફેન્સ યુનિટે કથિત પેપર લીક કેસના સંબંધમાં રંજનની પૂછપરછ કરી હતી. એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે, લીક થયેલા પેપર સૌપ્રથમ સંજીવ મુખિયાને પ્રોફેસર મારફત પૂરા પાડવામાં આવ્યા હતા. પરીક્ષાના દિવસે વિદ્યાર્થીઓને તેમની પરીક્ષા લખતા પહેલા પેપર ઉપલબ્ધ કરાવવામાં આવ્યું હતું. જો કે, સમયની અછતને કારણે ઉમેદવારો આખું પેપર ગોખી શક્યા ન હતા. મુખિયા સાથે જોડાયેલ એક રવિ અત્રીનું નામ પણ પેપર લીક કેસમાં બહાર આવ્યું હતું, જેની પોલીસ તપાસ કરી રહી હતી. પોલીસે મુખિયાનીધરપકડ માટેના પ્રયાસો તેજ કર્યા, NEET પેપર લીક સાથે મુખિયાની સંડોવણી સૂચવતી વિગતો બહાર આવતા, EOUએ તેની ધરપકડ કરવા માટેના પ્રયાસો તેજ કર્યા છે. અહેવાલ મુજબ EOUએ નાલંદા, ગયા અને નવાદા જિલ્લાઓમાં પોલીસ ટીમોને ચેતવણી આપી છે અને તેને શોધવા માટે પેમ્ફલેટ છાપ્યા છે. યુનિટે મુખિયાના ઘણા નજીકના સહયોગીઓની પણ પૂછપરછ કરી છે. દરમિયાન બિહાર પોલીસ તેની સામે કોર્ટની કાર્યવાહી પૂર્ણ થયા બાદ તેની ધરપકડ કરવાની તૈયારી કરી રહી હતી. આ કેસના સંબંધમાં ઝારખંડના કેટલાક લોકોની પણ ધરપકડ કરવામાં આવી હતી, કારણ કે પોલીસને શંકા હતી કે લીક થયેલા પેપર ઉત્તર પ્રદેશથી ઝારખંડ થઈને બિહાર પહોંચ્યા હતા.

**કોણ છે સંજીવ મુખિયા :** સંજીવ મુખિયાનું નામ અગાઉ ૨૦૧૦માં એક્ઝામ પેપર લીક થવાના અહેવાલ સામે આવ્યું હતું.તે બિહાર પબ્લિક સર્વિસ કમિશન (BPSC) સહિત અનેક પરીક્ષાઓના પેપર લીકના માસ્ટરમાઈન્ડ તરીકે ઓળખાય છે. બાદમાં તેણે કથિત રીતે એક ગેંગની રચના કરી જે તેના માટે કામ કરતી હતી. સંજીવના પુત્ર શિવ કુમારની અગાઉ BPSC પરીક્ષા લીક મામલે ધરપકડ કરવામાં આવી હતી અને તે હજુ પણ જેલની સજા ભોગવી રહ્યો છે. તપાસ દરમ્યાન જાણવા મળ્યું કે શિવ કુમારે અનેક પરીક્ષાઓના પેપર લીકમાં મદદ કરી હતી. સંજીવ મુખિયાની પત્ની મમતા દેવીએ અગાઉ રામવિલાસ પાસવાનની લોક જનશક્તિ પાર્ટીની ટિકિટ ઉપર ચૂંટણી લડી હતી.

# રાજનીતિમાં તા. ૨૫ જુન ૧૯૭૫ ને 'કાળા દિવસ' તરીકે ઓળખવામાં આવે છે

## કટોકટી વિરૂધ્ધ અને લોકશાહી સુરક્ષા અંગેની માહિતી પ્રસ્તુત કરતા પ્રદિપ ખીમાણી

ભારતીય જનતા પાર્ટી રાષ્ટ્રની એકતા અને અખંડિતતા તેમજ લોકતંત્રની રક્ષાના સિદ્ધાંતોને લઈને દેશની રાજનિતીમાં કાર્યરત રાજકીય પાર્ટી છે. ભાજપાના કાર્યકરો માટે પાર્ટી કરતા દેશનું હિત હંમેશા મહત્વનું રહ્યું છે. દેશને આતંકવાદથી મુક્ત કરવાનું આંદોલન હોય, કાશ્મીર ભારતનું અભિન્ન અંગ બની રહે તે માટેની લડાઈ હોય કે સ્વ. શ્રી ઈન્દિરા ગાંધી દ્વારા ૨૫ જુન ૧૯૭૫માં લદાયેલ કટોકટી સામે લોકશાહી રક્ષાનું આંદોલન હોય ભાજપાએ દેશના વ્યાપક હિતમાં પરિશ્રમશીલ બની સમયે સમયે પોતાની ભૂમિકા ભજવી છે અને દેશ હિત માટે કાર્ય કર્યું છે. ભાજપ માને છે કે, **Nation First.**

### ૨૫ જુન, કાળો દિવસ

દેશની રાજનીતિમાં ૨૫ જુન ૧૯૭૫ ને કલંકિત અને કાળા દિવસ તરીકે ઓળખવામાં આવે છે. તત્કાલિન વડાપ્રધાન સ્વ. શ્રી ઈન્દિરા ગાંધીએ મંત્રીમંડળની પરવાનગી વગર દેશમાં ''કટોકટી''જાહેર કરી હતી. આ કટોકટી અંતર્ગત આખાયે દેશને એક ''જેલખાનું''બનાવી દેવામાં આવ્યો હતો. દેશનો કોઈ પ્રજાજન પોતાના વિચારો જાહેરમાં વ્યક્ત કરી શક્યો નહોતો. અખબારો પર સેન્સરશીપ લગાવવામાં આવી હતી. સંસદસભ્યો તેમજ સંસદની કાર્યવાહી પર પણ સેન્સરશીપ લગાવી એક સરમુખત્યારી શાસનનો દેશમાં અમલ કરાયો હતો. આ સમયગાળામાં એક તરફ ગુજરાતમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસની કારમી હાર થઈ હતી અને બીજી તરફ અલ્હાબાદ હાઈકોર્ટે સ્વ. ઈન્દિરાજીની ચૂંટણીને રદ કરી દીધી હતી. આ કારણોથી દેશના લોકતંત્ર સામે ખતરો ઉભી કરનારી ''કટોકટી'' ને લાદવા ઈન્દિરાજીને પ્રેર્યા હતા તેમ પ્રદિપભાઈ ખીમાણી જણાવે છે.

કટોકટીનો સમય એ દમનનો સમય હતો, શોષણનો સમય હતો, કોંગ્રેસ સરકાર વિરોધની વિચારસરણી ધરાવનારા માટે ઘર નહિ પરંતુ જેલ એ ઘર બની ગયું હતું. દેશભરમાંથી હજારો કાર્યકરો જેમાં ભારતીય જનસંઘ, રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘ, સંસ્થા કોંગ્રેસ, અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ સહિત બિન પક્ષીય સામાજીક કાર્યકરોને કોંગ્રેસની સરકારના દિશા દર્શન હેઠળ જેલમાં મોકલવામાં આવ્યા હતા. દેશમાં રાજકીય વિરોધના કે દેશના હિતના વિચારો રજૂ કરનારને કોઈ સ્થાન ન હોતું. ગરીબોની વેદના સાંભળનાર કોઈ નહોતું, શોષિત, પીડિતનો અવાજ રજુ કરનાર જેલ ભેગા થઈ ગયા હતા. દેશમાં કાર્યકર્તાઓએ કટોકટીના સમય દરમ્યાન ખૂબ જ સહન કર્યું હતું. આર્થિક સંકળામણનો ભોગ કાર્યકરના પરિવાર બન્યા હતા. તેમ જણાવતા પ્રદિપભાઈ ખીમાણી ઉમેરે છે કે કેટલાંક સ્થાનો પર સામાજીક પ્રશ્નો પણ ઉભા થયા હતા. આ બધાંયની વચ્ચે ભુગર્ભ પ્રવૃતિ દ્વારા દેશમાં કટોકટી સામે આંદોલન ચલાવવામાં આવ્યું હતું. દેશમાંથી કટોકટી દુર થઈ અને પ્રજાતંત્રની જીત થઈ હતી. ભારતીય જનસંઘે કટોકટી સામે લોકતંત્રની રક્ષાનો લાંબો સંઘર્ષ કર્યો હતો.

### ગુજરાતમાં લોકતંત્રની રક્ષાનું આંદોલન

ગુજરાત એ લોકશાહી મૂલ્યોની જાળવણી માટે, ધર્મની રક્ષા માટે તેમજ દેશને દિશા દર્શન કરવા માટે હંમેશા અગ્રેસર રાજ્ય રહ્યુ છે. ગુજરતમાં ૧૯૭૪ની સાથે વિદ્યાર્થી આગેવાનોએ પ્રચાર સામે રણશિંગું ફૂંક્યુ હતુ. નવનિર્માણની સફળતા બાદ આ આંદોલનને સ્વ. જયપ્રકાશ નારાયણે બિહાર સહિત દેશભરમાં પ્રસરાવવા યુવાનોને અપિલ કરી હતી. વિદ્યાર્થીઓના અંદોલનનાં પરિણામે ગુજરાતમાં કોંગ્રેસ સરકારનું પતન થયું અને સ્વ.શ્રી બાબુભાઈ જશભાઈ પટેલના નેતૃત્વમાં જનતા મોરચાની સરકાર બની હતી. ભારતીય જનસંઘ આ સરકારમાં ભાગીદાર બન્યો હતો. ગુજરાતમાં કોંગ્રેસ વિરોધની સરકાર હોઈ સ્વ. ઈન્દિરાજી દ્વારા લાદવામાં આવેલી કટોકટીની અસર પ્રારંભમાં ઓછી પ્રવર્તતી હતી.

દેશમાં ૨૫ જુન ૧૯૭૫ના રોજ લાદવામાં આવેલી કટોકટીને પરિણામે શ્રી અટલ બિહારી વાજપાયી, શ્રી લાલકૃષ્ણ અડવાણીજી, સ્વ. શ્રી વિજયરાજમાતા સિંધયા, સ્વ.શ્રીમતિ ગાયત્રીદેવી, રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘના તત્કાલિન સરસંઘચાલક સ્વ.શ્રી બાળાસાહેબ દેવરસ સહિત હજારો લોકોને જેલ ભેગા કરવામાં આવ્યા હતા. ગુજરાતમાં જનતા મોરચાની સરકાર હોઈ દેશમાં લાદવામાં આવેલી કટોકટી સામે સરકારે રાજીનામું આપી આંદોલનમાં ઝુકાવવું જોઈએ તેવી રજૂઆત સામે જનસંઘના તત્કાલિન મહામંત્રી સ્વ. વસંતભાઈ ગજેન્દ્ર ગડકરે અભિપ્રાય વ્યક્ત કર્યો હતો કે ''કટોકટી વિરુધ્ધ લડવા માટે આપણી ગુજરાતની ભૂમિ સલામત સ્થળ છે'' જેને સૌએ સહમતિ આપી હતી.

ગુજરાતમાં જનતા મોરચાની સરકારને ઉથલાવવામાં આવી અને કોંગ્રેસની સરકાર રચાઈ. કટોકટીનો કારમો પંજો ગુજરાતના કોંગ્રેસ વિરોધના કાર્યકરો પર ફરી વળ્યો. ગુજરાતમાં જનતા મોરચાના અને જનસંઘના મોટા માથાઓને જેલભેગા કરવામાં આવ્યા અને બીજી હરોળના કાર્યકરોને ભૂગર્ભમાં જવું પડ્યું, કટોકટીની ગુજરાતમાં અસર વ્યાપક બની અને સ્વ. શ્રી કેશુભાઈ પટેલ, સ્વ. શ્રી અરવિંદભાઈ મણિયાર, સ્વ. શ્રી ચીમનભાઈ શુકલ, સ્વ.શ્રી સુર્યકાંતભાઈ આચાર્ય સહિત ૮૦૦ કરતા વધારે કાર્યકરો જેલમાં ગયા. ગુજરાત પ્રદેશ જનસંઘના તત્કાલિન સંગઠન મહામંત્રી સ્વ.શ્રી નાથાભાઈ ઝગડા અને શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં કટોકટી વિરુધ્ધ જલદ આંદોલન ચલાવ્યું. તેવી માહિતી આપતા પ્રદિપભાઈ ખીમાણી જણાવે છે કે કટોકટી સામે લોકતંત્રની રક્ષા માટે અને દેશમાં લોકશાહીના મૂલ્યોના જતન માટે આ બંને મહાનુભાવોએ વેશપલ્ટા કરીને પોલીસની નજરમાંથી બચતા રહીને બેઠકો, પત્રિકાઓ અને આયોજનનો હવાલો સંભાળી દેશમાંથી કટોકટીને હટાવવા માટે પરિશ્રમ કર્યો.

### કટોકટી સામે લોકસંઘર્ષ સમિતિ

ગુજરાતમાં જનતા મોરચાની સરકાર હતી તે સમયે સંઘના કાર્યકરો પર કોંગ્રેસ દ્વારાલદાયેલી કટોકટીને કારમો પંજો ફરી વળ્યો હતી. ૧૦૦ જેટલા કાર્યકરોની ધરપકડ કરવામાં આવી હતી અને કેટલાક પ્રચારકોના ધરપકડના વોરન્ટ નીકળ્યા હતા. રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘના પ્રચારક તરીકે કાર્ય કરતા શ્રી નરેન્દ્રભાઈ મોદી સહિત અનેક કાર્યકરોએ પોતાના નામ બદલી નાંખ્યા હતા તો વેશપલ્ટા પણ કર્યા હતા. ગુજરાતએ કટોકટીના આંદોલનનું મહત્વનું કેન્દ્ર બન્યું હતું. દેશના અનેક લોકશાહીના રક્ષકોને ગુજરાતે આશ્રય આપ્યો હતો. જ્યોર્જ ફર્નાન્ડિઝ, ડૉ. સુબ્રમણ્યમ સ્વામી, રાષ્ટ્રીય લોક સંઘર્ષ સમિતિના કન્વીનર સ્વ.શ્રી નાનાજી દેશમુખના પ્રવાસ તે સમયે ગુજરાતમાં ગોઠવવામાં આવ્યા હતા. જ્યોર્જ ફર્નાન્ડિઝને મળવા માટે સ્વ.શ્રી નાનાજી દેશમુખ અને શ્રી નરેન્દ્રભાઈ મોદી સ્કુટર પર ગયા હતાં. જ્યોર્જ ફર્નાન્ડિઝે નરેન્દ્રભાઈને કહ્યુ હતું કે ''નરેન ભૈયા, નાનાજીકી બહુત જરૂર હૈ, ઉન્હે કૈસે ભી કરકે બચાના હૈ, સ્કુટર પર લે જાના ખતરે સે ખાલી નહીં, ઉનકી ચિંતા તુમહારે જિમ્મે હૈ.'' વળી સ્વ.શ્રી મકરંદભાઈ દેસાઈ અમેરિકા પહોંચી ત્યાં ઓવરસીસ ફેન્ડ્ઝ ઓફ જનસંઘ નામે સંગઠન સ્થાપી વિશ્વમાં કટોકટી વિરુધ્ધ પ્રચાર કાર્ય જોરશોરથી ઉપાડી કટોકટી વિશેષ અંગેનો વિદેશમાં જનમત ઉભો કર્યા.

કટોકટી સામેના આંદોલનને રાષ્ટ્રીયસ્તર પર ફેલાવવા માટે ગુજરાતે અનેક ભૂગર્ભ પ્રવૃત્તિઓ કરી હતી. લોકો સુધી સમાચાર પહોંચાડવા માટે ''જનતાનું છાપુ''શરૂ કરવામાં આવ્યું હતું. અખિલ ભારતીય નાગરિક સ્વાતંત્ર્ય સંમેલન, જેવા અનેક સંગઠનો દ્વારા લોકશાહીની રક્ષા માટે પ્રયત્ન થયા હતા. ગુજરાતમાં સ્વ. નાથાભાઈ ઝગડા, શ્રી નરેન્દ્રભાઈ મોદી, શ્રી ભાસ્કરભાઈ પંડ્યા, સ્વ.શ્રી વિદ્યાબેન ગજેન્દ્ર ગડકર, શ્રીમતિ હેમાબેન આચાર્ય સહિતના કાર્યકરો ભૂગર્ભમાં આ સફળતા પૂર્વક કટોકટી સામેની લડાઈ ચલાવી રહ્યા હતાં. ગુજરાતે લોકશાહીની રક્ષાના આ આંઘેલનમાં ખૂબ જ મહત્વની ભૂમિકા નિભાવી હતી. અનેક યુક્તિ, પ્રયુક્તિ, પત્રિકાઓ અને વ્યુહરચનાઓને પરિણામે લડાઈ સફળ રહી હતી. સ્વ. ઈન્દિરાજીએ કટોકટી ઉઠાવી લીધી હતી. લોકસભાની ચૂંટણી યોજાઈ હતી. જનસંઘે દેશના હિતમાં પાર્ટીનું વિલીનીકરણ જનતા પાર્ટીમાં કર્યું હતું. જનતા મોરચાની કેન્દ્રમાં સરકાર બની હતી. સ્વ. શ્રી મોરારજીભાઈ દેસાઈ વડાપ્રધાન બન્યા હતા. અને શ્રી અટલબિહારી વાજપાયી વિદેશ પ્રધાન, શ્રી લાલકૃષ્ણ અડવાણીજી માહિતી પ્રસારણ પ્રધાન બન્યા હતા. દેશમાં લોકશાહીની પુનઃ સ્થાપના થઈ હતી.

### કટોકટીનું કલંક – એક નજર

- ૪૯ વર્ષ પહેલાંની એ ૨૫ જૂન લોકશાહીના ઈતિહાસનો કલંકિત દિવસ.
- ૬૩૫ દિવસ ચાલેલા આ યુદ્ધમાં ગુજરાતની ભૂમિકા મહત્વની હતી.
- ૨૫ જૂન ૧૯૭૫ થી ૨૨ માર્ચ ૧૯૭૭માં ગુજરાતમાં એક પણ અઠવાડિયુ એવુ નથી કે આંદોલન ન થયું હોય.
- લોકશાહીની રક્ષા માટેના આ આંદોલનમાં ગુજરાત દેશને દિશા આપનારુ રાજય બન્યું હતું.
- આ કટોકટી સામેની લડાઈમાં સાધના સાપ્તાહિકની ૪૫૦૦૦ થી ૧ લાખ સુધીની નકલો વેચાતી હતી.
- આ લડાઈમાં જનતા છાપુ, ભૂગર્ભ પત્રનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- કટોકટી સામેની લડાઈમાં ૩૧૬૫ સત્યાગ્રહીઓએ ભાગ લીધો હતો.
- ૨૦૦૦ થી વધારે સત્યાગ્રહીઓને જેલમાં રાખવામાં આવ્યા હતા.
- કટોકટી સામેનો સંઘર્ષકાળ એ અવિસ્મરણીય અને કાર્યકર્તાના લડાઈના નવા નવા માર્ગને પ્રશિસ્ત કરનારો હતો.
- કટોકટીનો કાળ કાર્યકરોની અને પરિવારની અગ્નિપરીક્ષાનો હતો.
- ગુજરાત અને ગુજરાતના શ્રી નરેન્દ્રભાઈ મોદી, શ્રી વિષ્ણુભાઈ પંડયા જેવા વિચક્ષણ

કાર્યકરોની યુક્તિઓ, યોજનાઓ, ભૂગર્ભ લડાઈની યોજનાઓ થકી કટોકટીને ઉઠાવવી પડી હતી અને દેશમાં લોકશાહીની પુનઃસ્થાપના થઈ હતી.

### તા.૨૪ જૂન ૨૦૨૪ના રોજ મળેલી

# અદાણી એન્ટરપ્રાઈઝીસની વાર્ષિક સામાન્ય સભામાં શેરધારકોને ગૌતમ અદાણીનું સંબોધન



અમદાવાદ તા. ૨૫

તા.૨૪ જૂન ૨૦૨૪ના રોજ મળેલી અદાણી એન્ટરપ્રાઈઝીસની વાર્ષિક સામાન્ય સભામાં શેરધારકોને ગૌતમ અદાણીએ સંબોધન કરતા જણાવ્યું હતું કે, આ વર્ષ અનેક રીતે મહત્વનું સીમાચિહ્નરૂપ બની રહ્યું છે. જોગાનુજોગ તે અમારી ૩૦મી વર્ષગાંઠ છે.આથી અદાણી એન્ટરપ્રાઈઝના ૧૯૯૪માં તેના પ્રથમ આઈપીઓથી લઈને અમે જે પડકારોનો સામનો કરીને અમે જે સફળતા હાંસલ કરી છે તે સુધીની અનેરી સફર ઉપર પાછલી નજર કરવાનો અને ઉજવણી કરવાનો આ રૂડો સમય છે. મારા વિનમ્ર દૃષ્ટિકોણ મુજબ આપણી સિદ્ધિઓમાં આપણી સફળતાનું સાચું માપ ઓછું અને પ્રતિકૂળતાનો સામનો કરવાની આપણી ક્ષમતા વધુ છે. મારા કિસ્સામાં મેં મારી માતા પાસેથી મારા જ્ઞાનના પાઠ પ્રાપ્ત કર્યા છે. બનાસકાંઠાના કઠોર રણમાં ઉછરીને મેં ખરી તાકાત દ્રઢતામાં રહેલી છે તેવો પાઠ તેમની પાસેથી શીખ્યો છું.

આ દ્રઢ મનોબળે જ અમને દેશની સૌથી પ્રશંસનીય કંપનીઓમાંની એક બનવાનો માર્ગ કંડાર્યો છે અને પાછલા વર્ષે જ અમે અમારા દ્રઢ મનોબળનો પરિચય કરાવ્યો હતો આનાથી વધુ મજબૂત સાબિતી અગાઉ ક્યારેય દર્શાવી ન હતી. એક વિદેશી શોર્ટ સેલર દ્વારા કરવામાં આવેલા પાયાવિહોણા આરોપોનો આપણે સામનો કરવો પડ્યો હતો જેણે અમારી દાયકાઓની મહેનત પર સવાલ ઉઠાવ્યા હતા. અમારી પ્રામાણિકતા અને પ્રતિષ્ઠા ઉપર થયેલા અભૂતપૂર્વ હુમલાનો સામનો કરીને અમે વળતો મુકાબલો કરીને એ પૂરવાર કર્યું છે કે જે પાયા ઉપર આપના જૂથની સ્થાપના કરવામાં આવી છે તેને કોઈપણ પડકાર નબળું પાડી શકે નહીં.

ટકી રહેવાની હિંમત, અમારી ક્ષમતાઓમાં વિશ્વાસ અને અમારા હેતુને સિધ્ધ કરવા માટેની પ્રતિબદ્ધતા.એવા અમારા આ ત્રણ મુખ્ય મૂલ્યો ધરાવતા પાયાઓ છે. આ મૂલ્યો સાથેની સ્થાપના ૨૦૧૨ માં કરવામાં આવી હતી અને પસાર થતા દરેક વર્ષ સાથે વધુ સુસંગત અનુકુળતા સાધવાનું ચાલુ રાખ્યું છે. આ સ્થિતિમાંજયાં મોટાભાગની કંપનીઓ ભાંગી પડી હશે, તે સંજોગોમાં આપણી લિક્વિડિટી આપણી સૌથી મોટી સંપત્તિ બની ગઈ છે. આપણી રોકડ અનામતને વધુ વધારવા માટેઅમે વધારાના રૂ.૪૦,૦૦૦ કરોડ ઊભા કર્યા છે, જે અમારા દેવાની ચુકવણીના આગામી બે વર્ષને આરામથી આવરી લે છે. આ નિર્ણાયક કાર્યવાહી આપની કંપનીની મહાન શક્તિનો પુરાવો છે. તેણે બજારનો વિશ્વાસ પુનઃસ્થાપિત કર્યો અને આપણે માર્જિન-લિંક્ડ ફાઈનાન્સિંગમાં રૂ.૧૭,૫૦૦ કરોડની પૂર્વ ચુકવણી કરીને કોઈપણ અસ્થિરતા સામે આપણા પોર્ટફોલિયોનું રક્ષણ કર્યું છે.

રિન્યુએબલ એનર્જીની વૃદ્ધિની સંભાવનાને જોતાં અદાણી ગ્રીન એનર્જીએ તેના નાણાકીય વર્ષ ૨૦૨૯-૩૦ના લક્ષ્યાંકને ૪૫ GW થી ૫૦ GW સુધી સુધાર્યો છે. વર્ષમાં આપણે ૨.૮ GW ઉમેર્યા છે જે ભારતના કુલ રિન્યુએબલ ક્ષમતા વધારાના ૧૫% છે. ખાવડામાં વિશ્વના સૌથી મોટા રિન્યુએબલ એનર્જી પ્લાન્ટમાં પ્રથમ ૨ GWનું શરૂઆતના ૧૨ મહિનાની અંદર ઉત્પાદન શરૂ કરીને એક વિક્રમ સ્થાપ્યો છે. જે અમલવારીની આપણી ક્ષમતાઓની સંગીન સાબિતી છે.

અદાણી એનર્જી સોલ્યુશન્સે બે ૭૬૫ kV લાઈનો સહિત અત્યંત જરૂરી ક્રિટિકલ ટ્રાન્સમિશન ઈન્ફ્રાસ્ટ્રક્ચરને શરૂ કરવાનું ચાલુ રાખ્યું છે. આપણી ટ્રાન્સમિશન ઓર્ડર બુક રૂ.૧૭,૦૦૦ કરોડની છે અને સ્માર્ટ મીટરિંગ ઓર્ડર બુક વધીને ૨૨૮ લાખ યુનિટ થઈ ગઈ છે. અદાણી ટોટલ ગેસે તેના CNG સ્ટેશનોનો વિસ્તાર કરીને ૯૦૦ સ્ટેશનોને પાર કર્યા છે અને PNG જોડાણ ૮.૪૫ લાખથી વધીને ૯.૭૬ લાખ પર પહોંચી ગયા છે. આપણે ૬૦૬ EV ચાર્જિંગ પોઈન્ટ તેમજ બરસાનામાં ભારતના સૌથી મોટા બાયોમાસ પ્લાન્ટનો પ્રથમ તબક્કો પણ શરૂ કર્યો છે.

અદાણી ફાઉન્ડેશન વિશે વાત કરૂં તો જ્યાં પ્રત્યેક સંખ્યાંક પરિવર્તનની,સશક્ત જીવનની અને વિકાસની તક લક્ષિત સમુદાયની ગાથા કહે છે આ જગતમાં આપણે એક નાનકડી સકારાત્મક છાપ છોડવા માટે ભાગ ભજવવાના પ્રયાસરુપે આપણે સાથે મળીને જે હાંસલ કર્યું છે તેના માટે હું આભારી છું. અંગત રીતે મારા દીલની નજીક છે અને મને સૌથી વધુ ગર્વ છે એવા અદાણી ફાઉન્ડેશનની એકંદર પહોંચહવે ૧૯ રાજયોના ૬,૭૬૯ ગામડાઓમાં ૯.૧ મિલિયન વ્યક્તિઓ સુધી વિસ્તરી છે.

અદાણી સક્ષમ કૌશલ્ય વિકાસ પહેલ અંતર્ગ ૧,૬૯,૦૦૦ યુવા વ્યક્તિઓને આવશ્યક કૌશલ્યો સાથે સશક્ત બનાવ્યા છે, પરિણામે તેઓને ઉજ્જવળ ભવિષ્ય સુરક્ષિત કરવા અને સંભવિત રીતે ઉદ્યોગસાહસિક બનવા માટે આગળ વધવામાં મદદ મળી શકે. આપણા હેલ્થ આઉટરીચ પ્રોગ્રામ્સમાં આપણા મોબાઈલ હેલ્થ કેર યુનિટ્સ અને કેમ્પનો સમાવેશ થાય છે અને ઘણા દૂરના સમુદાયોને આવશ્યક સેવાઓ પહોંચાડતા ૨ મિલિયન જીવનને સ્પર્શે છે. અને સુપોશણ પ્રોજેક્ટ જે ૪,૧૪,૦૦૦ મહિલાઓ અને બાળકો સુધી પહોંચે છે અને ભાવિ પેઢીઓના પાયાને મજબૂત કરવા માટે જરૂરી પોષણ ઉપલબ્ધ કરાવે છે.

વધુમાં એક સાથે ઉર્જા અને ડિજિટલ સંક્રમણના યુગમાં જેમ જેમ આપણે આગળ વધી રહ્યા છીએ તેની સાથે રિન્યુએબલ એનર્જી વેલ્યુ ચેઈનને અપનાવી રહ્યા છીએ, એ.આઈ. ડેટા સેન્ટરની તેજ ગતીએ વધી રહેલી ઉપયોગીતાને વીજ પુરી પાડવા માટે જરૂરી ગ્રીન ડેટા સેન્ટર, ગતિશીલતાનું આગામી વિદ્યુતીકરણ અને સ્વચ્છ હવા માટે ઈંધણ ક્રાંતિનો પાયો નાખવા માટે આપણો દેશ એવા બજારોને ખોલી રહ્યો છે જે આગામી દાયકામાં હજુ સુધી ન થઈ શકે તેવા મૂલ્યનું ટ્રિલિયન ડૉલરનું મોટાપાયે વચન આપે છે. આપણા વિક્રમરુપ પરિણામો મજબૂત રોકડ સ્થિતિ અને ઈતિહાસમાં સૌથી નીચા આપણા ઋણના ગુણોત્તર સાથે અમારો આગળનો આપણો પંથ વધુ મોટી સિદ્ધિઓના સંકલ્પ સાથે ઝગમગે છે. આપણી સમક્ષ શક્યતાઓ અપરંપાર છે. પહેલા કરતા આપણે વધુ મજબૂત છીએ અને હજુ શ્રેષ્ઠ આવવાનું તો બાકી છે.

# નકલી ઓળખથી સીમકાર્ડ ખરીદનારને થશે જેલની સજા

નવી દિલ્હી, તા.૨૫

નકલી ઓળખથી સીમકાર્ડ ખરીદનારને જેલની સજાની જોગવાઈ સહિત એવા ઘણા ફેરફાર નવા ટેલિકોમ કાયદામાં કરવામાં આવ્યા છે જેથી ટેલિફોન ગ્રાહકોના હિતોની યોગ્ય રીતે જાળવણી થઈ શકે. આ નવો ટેલિકોમ કાયદો ગયા વર્ષે ડિસેમ્બરમાં સંસદ દ્વારા પસાર કરવામાં આવ્યો હતો. સરકાર હવે આ નવો કાયદો ૨૬ જૂનથી લાગુ કરવા જઈ રહી છે. નવા કાયદાના અમલ પછી બ્રિટિશ યુગના બે જૂના નિયમો- ટેલિગ્રાફ એક્ટ (૧૮૮૫) અને વાયરલેસ ટેલિગ્રાફી એક્ટ (૧૯૩૩) તબક્કાવાર નાબૂદ કરવામાં આવશે. નવો ટેલિકોમ કાયદો આ બંને જૂના કાયદાનું સ્થાન લેશે. જો કે, હાલમાં સરકારે આ ટેલિકોમ એક્ટની કેટલીક કલમો જ લાગુ કરવાનો નિર્ણય લીધો છે. મોબાઈલ અને બ્રોડબેન્ડ યુઝર્સ વગેરેની સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ જોગવાઈઓ લાગુ કરવામાં આવશે. એ સાથે જ સ્પેક્ટ્રમ, સેટેલાઈટ સેવા વગેરેની ફાળવણી સંબંધિત જોગવાઈઓ હાલ અમલમાં આવશે નહીં.

કેન્દ્ર સરકાર દ્વારા જારી કરાયેલા ગેજેટ નોટિફિકેશન મુજબ, નવો ટેલિકોમ એક્ટ ૨૦૨૩ આગામી બુધવારને ૨૬ જૂનથી લાગુ કરવામાં આવશે. આ કાયદાની કલમ ૧, ૨, ૧૦ થી ૩૦, ૪૨ થી ૪૪, ૪૬, ૪૭, ૫૦ થી ૫૮, ૬૧ અને ૬૨ ૨૬ જૂનથી લાગુ કરવામાં આવશે. નવા ટેલિકોમ કાયદાનો સંપૂર્ણ અમલ ન થાય ત્યાં સુધી તમામ જૂની જોગવાઈઓ અને નિયમો અમલમાં રહેશે. ટેલિકોમ સચિવ નીરજ મિત્તલે તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર નવા ટેલિકોમ એક્ટની ગેજેટ જાહેરાત શેર કરી છે અને કહ્યું છે કે નવો નિયમ ૧૫૦ વર્ષ જૂના ટેલિગ્રાફ એક્ટનું સ્થાન લેશે.નવા ટેલિકોમ કાયદામાં મોબાઈલ યુઝર્સ માટે એવી ઘણી જોગવાઈઓ કરવામાં આવી છે જેથી યુઝરના આઈડી અને સીમકાર્ડનો દુરુપયોગ ન થઈ શકે. નવા ટેલિકોમ એક્ટમાં સીમકાર્ડ અને યુઝર ઓળખનો દુરુપયોગ કરનાર કોઈપણ વ્યક્તિ કે સંસ્થા પર ભારે દંડની જોગવાઈ છે. આ ઉપરાંત ગુનેગારને જેલની સજા પણ થઈ શકે છે. જો કોઈ વ્યક્તિ સીમકાર્ડ ખરીદવા માટે નકલી ઓળખનો ઉપયોગ કરશે તો તેને ત્રણ વર્ષ સુધીની જેલ અને ૫૦ લાખ રૂપિયા સુધીનો દંડ અથવા જેલ અને દંડ બંને થઈ શકે છે. આમાં સીમકાર્ડ સ્પુફિંગ એટલે કે રીસીવરથી તમારી ઓળખ છૂપાવવાના પ્રયાસનો પણ સમાવેશ છે અને એ સંજોગોમાં પણ દંડ અથવા જેલ અથવા બંને થઈ શકે છે. જો કોઈ યુઝરે પોતાના આધાર કાર્ડનો ઉપયોગ કરીને ૯ થી વધુ સીમકાર્ડ મેળવ્યા હશે તો તેને પહેલી ભૂલ માટે ૫૦,૦૦૦ રૂપિયાનો દંડ અને ભૂલનું પુનરાવર્તન કરવા બદલ ૨ લાખ રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે. ૨૬ જૂનથી અમલમાં આવનાર નવા કાયદા હેઠળ ટેલિકોમ કંપનીઓએ ફકત બાયોમેટ્રિક આધારિત ઓળખ (આધાર કાર્ડ સાથે લિંક) દ્વારા વપરાશકર્તાની ઓળખની ચકાસણી કરવી પડશે. આ નિયમ અપરાધીઓને સીમકાર્ડ જારી કરવા માટે યુઝરના મતદાર ઓળખકાર્ડ અથવા ડ્રાઈવિંગ લાયસન્સનો દુરુપયોગ કરતા અટકાવશે. નવા કાયદા હેઠળ ટેલિકોમ કંપનીઓએ કનેક્શન મેળવતા પહેલા જાહેરાત સંદેશા (પુશ મેસેજ) અથવા અન્ય મેસેજો પ્રાપ્ત કરવા માટે વપરાશકર્તા પાસેથી સંમતિ ફોર્મ મેળવવું પડશે. આ સિવાય ટેલિકોમ કંપનીઓએ યુઝરને **DND (Do-Not-Disturb)** સર્વિસ રજીસ્ટર કરવાનો વિકલ્પ આપવો પડશે. ઉપરાંત, વપરાશકર્તા પાસે મેસેજ અથવા વાયરસની જાણ કરવાનો વિકલ્પ હોવો જોઈએ. આ ઉપરાંત, ટેલિકોમ ઓપરેટરોએ વપરાશકર્તાઓને ફરિયાદો અથવા ફરિયાદો નોંધવા માટે એક ઓનલાઈન મિકેનિઝમ સેટ કરવું પડશે.

# હવે ઘઉંનો સંગ્રહ કરવો વેપારીઓને મોંઘો પડશે

નવી દિલ્હી, તા.૨૫

ઘઉંના વધતા ભાવને લઈને સરકાર હવે સક્રિય થઈ ગઈ છે. ઘઉંના સંગ્રહને રોકવા માટે સરકારે સોમવારે તેના સ્ટોકની મર્યાદા નક્કી કરી છે. સરકારે આ લિમિટ રિટેલર્સ, હોલસેલર્સ, પ્રોસેસર્સ અને મોટા ચેઈન રિટેલર્સ માટે ઘઉંના સંગ્રહ પર આ મર્યાદા લગાવી છે. ભાવ સ્થિરતા જાળવવા અને સંગ્રહખોરી રોકવા માટે સરકાર દ્વારા આ પગલું લેવામાં આવ્યું છે. કેન્દ્રીય ખાદ્ય સચિવ સંજીવ ચોપરાએ સોમવારે જણાવ્યું હતું કે સિંગલ રિટેલર્સ, મોટા ચેઈન રિટેલર્સ, પ્રોસેસર્સ અને હોલસેલર્સ દર શુક્રવારે તેમની પાસે સંગ્રહિત ઘઉંના સ્ટોકનો ખુલાસો કરશે.સમાચાર મુજબ ચોપરાએ કહ્યું કે સરકાર દેશમાં ઘઉંની અછતને દૂર કરવા માગે છે. તેમણે એમ પણ કહ્યું કે અત્યારે ઘઉંની નિકાસ પર કોઈ પ્રતિબંધ નથી અને ખાંડની નિકાસ પરના પ્રતિબંધની સમીક્ષા કરવાનો કોઈ પ્રસ્તાવ નથી. તેમણે કહ્યું કે અમે ઈચ્છીએ છીએ કે ઘઉંના ભાવ સ્થિર રહે.ચોપરાએ વધુમાં જણાવ્યું હતુ કે જથ્થાબંધ વેપારીઓ માટે સ્ટોક મર્યાદા ૩,૦૦૦ ટન હશે, જ્યારે પ્રોસેસર્સ માટે તે પ્રોસેસિંગ ક્ષમતાના ૭૦ ટકા હશે. તેમણે કહ્યું કે મોટા ચેઈન રિટેલર્સ માટે આ મર્યાદા ૧૦ ટન પ્રતિ આઉટલેટ હશે, જેની કુલ મર્યાદા ૩,૦૦૦ ટન હશે અને સિંગલ રિટેલર્સ માટે આ મર્યાદા ૧૦ ટન રહેશે.ચોપરાએ જણાવ્યું હતું કે ઘઉં સહિત આવશ્યક ચીજવસ્તુઓના ભાવ વધી રહ્યા હોવાના તાજેતરના મીડિયા અહેવાલોને ધ્યાનમાં રાખીને સ્ટોક લિમિટ લગાવવામાં આવી છે. આ ઉપરાંત સંગ્રહખોરી ઘટાડવા માટે સ્ટોક લિમિટ લગાવવામાં આવી છે. તેમણે કહ્યું કે ૧ એપ્રિલ, ૨૦૨૩ના રોજ ઘઉંનો પ્રારંભિક સ્ટોક ૮૨ લાખ ટન હતો, જ્યારે ૧ એપ્રિલ, ૨૦૨૪ના રોજ તે ૭૫ લાખ ટન હતો. તેમણે કહ્યું કે ગયા વર્ષે ૨૬૬ લાખ ટનની ખરીદી કરવામાં આવી હતી, જ્યારે આ વર્ષે સરકારે ૨૬૨ લાખ ટનની ખરીદી કરી છે અને હજુ પણ ખરીદી ચાલુ છે. તેથી ઘઉંની અછત (પ્રારંભિક સ્ટોકમાં) માત્ર ત્રણ લાખ ટનની જ છે.

# પ્રથમ વરસાદમાં જ મનપાની પોલ ખુલી : જૂનાગઢ બન્યું ‘ખાડાગઢ’



## રાજય સરકારે જૂનાગઢ મનપાનાં વિકાસ માટે ફાળવેલા રૂપિયા કયાં ગયા ? : એક-એક રૂપિયાનો ખર્ચ કયાં કર્યો ? ઓડીટ થાય તો મસમોટુ ‘કૌભાંડ’ બહાર આવશે ! : ગ્રાન્ટનો વ્યાપક દુરઉપયોગ : વિકાસનાં નામે મીંડુ











જૂનાગઢ તા.૨૫

જૂનાગઢ શહેરમાં પ્રથમ વરસાદ સાથે જ જૂનાગઢ મનપાની પોલ ખુલી ગઈ છે. અને પ્રિમોન્સુન કામગીરી માત્ર કાગળ પર કરવામાં આવી હોવાનું ચિત્ર ઉપસી રહયું છે. પ્રથમ વરસાદ સાથે જ સમગ્ર શહેર ખાડાઓનાં ગઢમાં ફેરવાઈ ગયું છે. રાહદારીઓ અને વાહનોને ચાલવા માટે રસ્તો મળી રહયો નથી. અને દરરોજ સંખ્યાબંધ અકસ્માતનાં બનાવો બને છે. ત્યારે જૂનાગઢ મનપાનાં સત્તાધીશો તેમને જે છેલ્લા પાંચ વર્ષમાં ગ્રાન્ટ મળી છે તે ગ્રાન્ટનો કયાં ઉપયોગ કર્યો તેનો હિસાબ આપવો જોઈએ તેવી શહેરીજનોની માંગણી છે. જો તકેદારી પંચમાં આ અંગેની ફરીયાદ કરવામાં આવે અને ઓડીટ કરવામાં આવે તો મસમોટુ કૌભાંડ બહાર આવશે તેવું ચર્ચાઈ રહયું છે. જૂનાગઢનાં મનપાનાં શાસકોએ ગ્રાન્ટનો બેફામ દુરઉપયોગ અને ભ્રષ્ટાચાર કર્યો છે તે વાત હવે જગજાહેર છે.

જૂનાગઢ મનપાની પ્રિમોન્સુન કામગીરીના લીરેલીરા ઉડયા હોય તેમ જૂનાગઢ શહેરમાં પ્રથમ વરસાદે જ ભુગર્ભ ગટર, ગેસની લાઈનો સહિતની કામગીરીમાં તંત્ર દ્વારા ખોદકામ બાદ સમયસર પેચવર્ક નહીં કીરાતા શહેરીજનો રહેવાસીઓ ત્રસ્ત બન્યા છે. જૂનાગઢમાં અનેક સોસયાટીઓમાં રોડ ચાલવતા જેવા રહયા નથી. જયારં જુઓ ત્યાં ફકત કાદવ-કીચડનું જ સામ્રાજય જોવા મળી રહયું છે. મનપાના પાપે શહેરીજનો કાદવમાં ચાલવા મજબુર બન્યા છે.

જૂનાગઢ શહેરના વૃંદાવન નગર, એકતા નગર, ધનલક્ષ્મી સોસાયટી, હરીઓમનગર, જીવનધારા, રણછોડ નગર, જીવનધારા સોસાયટી, સરદારબાગ પાછળ આવેલ ઘાંચીપટમાં આવેલ વિવિધ સોસાયટીઓમાં પ્રથમ વરસાદમાં જ મનપાની પોલ ખુલી ગઈ છે. જયાં રસ્તાઓનું સ્થાન કાદવ કીચડે લઈ લીધું છે. અને લોકો વાહન લઈને તો શું ચાલીને પણ જઈ શકતા ન હોય તેવી પરિસ્થિતી ઉભી થઈ છે. ત્યારે એવું ચોકકસ કહી શકાય કે મનપા દ્વારા પ્રિમોન્સુન કામગીરી થઈ નથી અને મનપા દ્વારા પ્રિમોન્સુન કામગીરી ફકત કાગળ પર જ કરાઈ હોવાનું ચિત્ર સ્પષ્ટ થઈ રહયું છે.

મધુરમ વિસ્તારમાં આવેલી વૃંદાવન સોસાયટીના રહીશો વર્ષોથી રોડ રસ્તાથી વંચીત છે જયારે આ વર્ષે રોડ બનાવવામાં આવ્યો જે પ્રથમ વરસાદમાં ગાયબ થઈ જતા મનપાના લીધે સ્થાનિકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહયો છે.

મધુરમ વિસતારમાં આવેલી એકતાનગર સોસાયટીની પરિસ્થિતી પણ દયનીય હોય ૨૦થી ૨૫ દિવ્સ અગાઉ ભુગર્ભ ગટર નાખવાના બહાને ખોદવામાં આવેલા રોડ હજુ પણ રીપેર કરવામાં આવ્યા નથી જેના લીધે ફકત ખાડા અને કાદવ જ ચોતરફ જોવા મળી રહયું છે.

જૂનાગઢના સરદારબાગ પાછળ આવેલ ઘાંચીપટ વિસ્તારની વિવિધ સોસાયટીઓમાં પણ ભુગર્ભ ગટર અને ગેસની લાઈનની કામગીરી કરી યોગ્ય કાર્યવાહી નહીં થતા ચોતરફ કાદવ કીચડનું સામ્રાજય જોવા મળી રહયું છે અને વાહન તો ઠીક ચાલવું પણ મુશ્કેલ બની ગયું છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર ના પાડવા છતાં રોડ ખોદવામાં આવ્યા જેના કારણે રોડની અવદશા થઈ છે. મનપાના કોઈપણ અધિકારીઓ જોવા પણ આવ્યા નથી.



આમ, જૂનાગઢ મનપાના અણધડ પ્રિમોન્સુન કામગીરીને લીધે જૂનાગઢ શહેરના લોકોને બાનમાં લીધા હોય તેમ ચારેકોર કાદવ કીચડનું સામ્રાજય જોવા મળી રહયું છે. આ અંગે કોઈ નકકર કાર્યવાહી કરવામાં આવે તેવી શહેરીજનોમાં માંગ ઉઠી રહી છે.

## મુંબઈથી લાવી મેફેડ્રોન ડ્રગ્સ લાવી જૂનાગઢ વેંચાણ કરતા આરોપી ત્રણ દિવસનાં રીમાન્ડ પર



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૫

ગઈકાલે જૂનાગઢમાંથી મુંબઈથી લાવી મેફેડ્રોન ડ્રગ્સનાં બે આરોપીને પોલીસે ઝડપી લઈ કોર્ટમાં રજુ કરતાં કોર્ટે ત્રણ દિવસનાં રીમાન્ડ પર સોંપ્યા છે.

મુંબઈથી એમડી ડ્રગ્સ લાવીને જૂનાગઢમાં યુવા ધનને બરબાદ કરવાના ઈરાદે નશાનો વેપલો ચલાવતા બે યુવાનોને ગઈકાલે જૂનાગઢ પોલીસે ઝડપી પાડયા હતાં. પોલીસે બંને આરોપી પાસેથી ૨૨.૧ ગ્રામ એમડી ડ્રગ્સ, રોકડ, મોબાઈલ ફોન, બાઈક સહિત કુલ રૂા.૮.૫૨ લાખના મુદ્દામાલ સાથે ચોબારી ફાટક નજીક જુનાં બાયપાસ ઝાંઝરડા રોડ ઉપરથી ઝડપી પાડયા હતાં. ચોબારી ફાટકથી ઝાંઝરડા ચોકડી તરફ જતા રસ્તે મહારાજા પેલેસ નામના કોમ્પ્લેક્ષમાં આવેલ દુકાનો પાસે છેલ્લા ઘણા મહિનાઓથી નશાનો કારોબાર ચાલી રહ્યો હતો. દરમ્યાન ઝાંઝરડા રોડ ઉપરથી ડ્રગ્સ માફીયા ધવલ જગદીશભાઈ સીસાંગીયા ધંધો-વાણંદ કામ (ઉ.વ.૨૭) રહે.ઝાંઝરડા રોડ અને યુગાંત હરેશભાઈ વાઘમશી (ઉ.વ.૨૪) રહે.જૂનાગઢ વાળા પાસેથી ૨૨.૧ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ જેની કિ.રૂા.૨,૨૧,૦૦૦, મોબાઈલ ફોન ૨ જેની કિ.રૂા.૬૦,૦૦૦, રોકડા રૂા.૫,૦૧,૦૦૦ અને મોટરસાઈકલ ૨ જેની કિ.રૂા.૭૦,૦૦૦ મળી કુલ રૂા.૮,૫૨,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. દરમ્યાન પોલીસની ચેકિંગ ડ્રાઈવમાં ઝાંઝરડા ચોકડી સહિતના આસપાસના વિસ્તારોમાંથી ડ્રગ્સના બંધાણી બનેલા આઠ યુવકોને પણ ઝડપી લીધા હતા. જોકે તમામ યુવકોને ડ્રગ્સના રવાડે વધુ ન ચડે તે માટે માતા-પિતાને સોંપવામાં આવ્યા હતા. આ બંને યુવાનો જૂનાગઢના યુવાનોને મેફેડ્રોન ડ્રગ્સની પડીકી બનાવી વહેંચતા હતા. ૧ ગ્રામ ડ્રગ્સની પડીકીના રૂા.૨૫૦૦થી ૪૦૦૦ લેતા હતા તેવું પ્રાથમિક પુછપરછમાં ખુલ્યું છે અને જૂનાગઢમાં ડ્રગ્સ કોને કોને આપતા હતા ? કેટલા સમયથી નશાનો કારોબાર કરતા હતા ? તે દિશામાં પોલીસે વધુ તપાસ ધરવા કોર્ટમાં રજુ કરતાં કોર્ટે ઝડાયેલા શખ્સોનાં ત્રણ દિવસનાં રીમાન્ડ મંજુર કર્યા છે.

## જૂનાગઢના દાતાર રોડ ઉપર ઈકો ગાડીના ચાલક ઉપર હુમલો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૨૫

જૂનાગઢનાં ખામધ્રોળ રોડ, સુભાષ કોલેજનાં ગેટ સામે માધવ બંગલા નં.પમાં રહેતો કિરણભાઈ નાનજીભાઈ ચાવડાએ કાલી કે જેના પુરા નામની ખબર નથી તથા અજાણ્યા બે શખ્સો સામે એ ડીવીઝન પોલીસમાં ફરીયાદ નોંધાવતાં જણાવેલ છે કે આ કામનાં ફરીયાદી દાતાર બાપુએ દર્શન કરવા જતા હતા તે વખતે રસ્તામાં કામદાર સોસાયટીનાં નાકે પહોંચતાં કાલી તેના પુરા નામની ખબર નથી તથા બે અજાણ્યા શખ્સોએ ફરીયાદીને કહેલ કે તું ગાડી કેમ સ્પીડમાં ચલાવે છે તેમ કહી જેમ ફાવે તેમ ગાળો બોલતા ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતા આ કામના આરોપીઓએ ઉશ્કેરાઈ જઈ આડેધડ ઢીકાપાટુનો માર મારી ઈકો વાડી નં. જીજે-૧૧-સીએચ ૮૧૬૨ના કાચ તોડી નાખેલ તથા મોબાઈલ તોડી નાખી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની એ ડીવીઝન પોલીસમાં ફરીયાદ નોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## જૂનાગઢમાંથી ૧૧ કાર્ટીસ સાથે એક ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૨૫

જૂનાગઢ એ ડીવીઝન પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે દરમ્યાન દોલતપરાનાં નેમીનાથ નગર-૨ પાસેથી યુસુફખાન મહમદખાન પઠાણ (ઉ.વ. ૨૯) (રહે. ઘાંચીવાડા, સાબરીન એપાર્ટમેન્ટ બ્લોક નં. ૩૦૪)ને ગેરકાયદેસર આધાર પરવાના વગર પોતાનાં કબ્જામાં જીવતા કાર્ટીસ નંગ-૧૧ કિંમત રૂા. ૧૧૦૦ સાથે મળી આવતા ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## જૂનાગઢમાંથી મોટર સાયકલની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૨૫

જૂનાગઢનાં સરદારપરામાં રહેતા પરેશભાઈ ભાયાભાઈ ગોહેલ (ઉ.વ. ૬૦)ની કાળા કલરની મોટર સાયકલ નં. જીજે-૧૧-આર ૧૧૬૪ કિંમત રૂા. ૨૦ હજારની લાલ બહાદુર શાસ્ત્રી સોસાયટીમાં પાર્ક કરેલ હોય જે કોઈ ચોરી કરી ગયાની બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે.

## વંથલી : મૈત્રી કરારનાં મનદુ:ખે મહિલાને માર માર્યો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૨૫

હાલ રાજકોટ રહેતા જીલણબેન અલ્પેશભાઈ વાણવીએ વર્ષાબેન દિવ્યેશભાઈ મકવાણા (બગડુ), દિવ્યેશભાઈ કેશુભાઈ મકવાણા (બગડુ), અનિલભાઈ પ્રવિણભાઈ વાણવી (સાંતલપુર) સામે વંથલી પોલીસમાં ફરીયાદ નોંધાવતાં જણાવેલ છે કે આ કામનાં ફરીયાદી જીલણબેન તા. ૧૯ જુનનાં રોજ તેમના ઘરેથી જતા રહેલ હોય જેથી ફરીયાદીનાં પતિ અલ્પેશભાઈએ પોલીસ સ્ટેશનમાં અરજી આપેલ હતી જે અરજીનાં કામે ફરીયાદી જીલણબેન અને વિનોદભાઈ વશરામભાઈ ચૌહાણ કે જેઓની સાથે ફરીયાદીએ મૈત્રી કરાર કરેલ હોય તને બંને આ કામનાં સાહેદો તથા પોલીસ સ્ટેશન નિવેદન લખાવવા માટે આવેલ અને નિવેદન લખાવીને રાજકોટ જવા માટે પોલીસ સ્ટેશનની બહાર નીકળેલ ત્યારે ઉપરોકત આરોપીઓએ ફરીયાદીને મન ફાવે તેમ ભુંડી ગાળો આપી તેમજ આરોપી નં. ૧એ ફરીયાદીનાં વાળ પકડી પછાડી દઈ આરોપી નં. ૨ તથા ઉનાએ ફરીયાદીનાં શરીરે આડેધડ ઢીકાપાટુનો માર માર્યાની વંથલી પોલીસમાં ફરીયાદ નોંધાવેલ છે.

